સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 11

[MARCH - 2023]
[12/03/23 to 18/03/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**12 MAR-2023**

- દિવસ મહિમા : 12 માર્ચ, સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ (World Day Against Cyber Censorship) ..... 02
- MSME સ્પર્ધાત્મક (LEAN) યોજના ..... 02
- એકીકૃત શિક્ષક શિક્ષણ કાર્યક્રમ (Integrated Teacher Education Programme) ..... 03
- QUESTION ANSWERS ..... 05

**13 MAR-2023**

- ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે પ્રસિદ્ધ ગેરનો મેળો યોજાયો ..... 06
- ડાંગ દરબાર ..... 06
- ગુજરાતી સાહિત્યકાર સુશ્રી ધીરુબહેન પટેલનું નિધન ..... 07
- ધર્મ ગાર્ડિયન અભ્યાસ 2023 : ભારત-જાપાન ..... 08
- QUESTION ANSWERS ..... 09

**14 MAR-2023**

- નેપાળના નવા રાષ્ટ્રપતિ : શ્રી રામ ચંદ્ર પૌડેલ ..... 10
- કર્નલ ગીતા રાણા ..... 10
- ભારત વિશ્વનો સૌથી મોટો હથિયારોની આયાત કરતો દેશ ..... 11
- 95મો ઓસ્કાર એવોર્ડ 2023 ..... 12
- QUESTION ANSWERS ..... 18

**15 MAR-2023**

- દિવસ મહિમા : 15 માર્ચ, વિશ્વ ગ્રાહક દિન અથવા વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ, World Speech Day, વિશ્વ સંપર્ક દિવસ, પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ ..... 20
- ત્રણ રાજ્યોમાં નવા મુખ્યમંત્રી ..... 20
- QUESTION ANSWERS ..... 23

**16 MAR-2023**

- World Air Quality Report 2022 ..... 24
- બોલ્ડ કુરુક્ષેત્ર અભ્યાસ (Exercise Bold Kurukshetra) ..... 26
- બોલિવૂડના દિગ્ગજ કલાકાર શ્રી સતીશ કૌશિકનું નિધન ..... 26
- QUESTION ANSWERS ..... 28

**17 MAR-2023**

- સંયુક્ત સબમરીન વિરોધી યુદ્ધ કવાયત ..... 29
- ભૂટાન અલ્પ વિકસિત દેશોની યાદીમાંથી બહાર થઈ જશે ..... 29
- ભારતીય નૌકાદળે જનરલ બિપિન રાવતની યાદમાં એવોર્ડની જાહેરાત કરી ..... 30
- QUESTION ANSWERS ..... 32

**18 MAR-2023**

- H3N2 ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ ..... 33
- INS દ્રોણાચાર્યને 'પ્રેસિડેન્ટ કલર' અર્પણ ..... 34
- 2023 માટે ગવર્નર ઓફ ધ યર એવોર્ડ ..... 35
- QUESTION ANSWERS ..... 36

**ONE LINER** ..... 37

**QUESTION OF THIS WEEK** ..... 41


INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE

icerajkot

## દિવસ મહિમા : 12 માર્ચ, સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ (World Day Against Cyber Censorship)

## MSME સ્પર્ધાત્મક (LEAN) યોજના

તાજેતરમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયે ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે વૈશ્વિક સ્પર્ધાત્મક રોડમેપ પ્રદાન કરવા માટે MSME સ્પર્ધાત્મકતા (LEAN) યોજના શરૂ કરી છે.

- તેનો ઉદ્દેશ્ય ગુણવત્તા, ઉત્પાદકતા, પ્રદર્શન અને ઉત્પાદકોની માનસિકતા બદલવાની અને તેમને વિશ્વ કક્ષાના ઉત્પાદકોમાં પરિવર્તિત કરવાની ક્ષમતામાં સુધારો કરવાનો છે.

### MSME સ્પર્ધાત્મક (LEAN) યોજના



LEAN દ્વારા, MSME ખોટને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે, ઉત્પાદકતામાં વધારો કરી શકે છે, ગુણવત્તામાં સુધારો કરી શકે છે, સુરક્ષિત રીતે કામ કરી શકે છે, તેમના બજારોનો વિસ્તાર કરી શકે છે અને અંતે સ્પર્ધાત્મક અને નફાકારક બની શકે છે.

- આ યોજના હેઠળ, MSME, 5s, Kaizen, Kanban, Visual Workplace, Poka Yoka વગેરે જેવા દુર્બળ ઉત્પાદન સાધનોને પ્રશિક્ષિત અને સક્ષમ લીન કન્સલ્ટન્ટના સક્ષમ માર્ગદર્શન હેઠળ બેઝિક, ઈન્ટરમીડિયેટ અને એડવાન્સ્ડ જેવા લીન સ્તરો પ્રાપ્ત કરવા માટે અમલમાં મૂકશે.

### સરકારી સહાય

અમલીકરણ સપોર્ટ અને કન્સલ્ટન્સી ખર્ચના 90% ખર્ચ સરકાર દ્વારા ઉઠાવવામાં આવશે.

- મહિલાઓ/SC/STની માલિકીના અને ઉત્તરપૂર્વ પ્રદેશમાં સ્થિત SFURTI ક્લસ્ટરનો ભાગ એવા MSME માટે 5% વધારાનું યોગદાન હશે.
- તમામ સ્તરો પૂર્ણ કર્યા પછી ઈન્ડસ્ટ્રી એસોસિએશન/ઓવરઓલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ (OEM) સંસ્થાઓ દ્વારા નોંધણી કરાવનાર MSMEને 5% વધારાનું યોગદાન પ્રાપ્ત થશે.
- આ વિશિષ્ટ સુવિધાનો હેતુ OEM અને ઉદ્યોગ સંગઠનોને તેમના સપ્લાય ચેઈન વિક્રેતાઓને પ્રોગ્રામમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી કરવાનો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## લીન (LEAN) મેન્યુફેક્ચરિંગ શું છે ?

લીન મેન્યુફેક્ચરિંગ અથવા લીન પ્રોડક્શન જેને સરળ રીતે લીન (LEAN) તરીકે ઓળખવામાં આવે છે.

- તે ઉત્પાદન પ્રથા છે જે અંતિમ ગ્રાહક માટે મૂલ્યની રચના સિવાયના કોઈપણ ધ્યેય માટે સંસાધનોના ખર્ચને નકામા ગણે છે અને તેથી તેને દૂર કરવી જોઈએ.

## લીન (LEAN) મેન્યુફેક્ચરિંગના સિદ્ધાંતો

લીન મેન્યુફેક્ચરિંગમાં સિદ્ધાંતોના સમૂહનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ દુર્બળ સિદ્ધાંતવાદીઓ કાઈઝેન દ્વારા કચરો દૂર કરીને ઉત્પાદકતા, ગુણવત્તા અને સમયરેખા સુધારવા માટે કરે છે.

- લીન મેન્યુફેક્ચરિંગના સિદ્ધાંતો નીચે મુજબ છે :

(a) **મૂલ્યની ઓળખ :** ગ્રાહક માટે મૂલ્યનો અર્થ શું છે તે નક્કી કરવું. તેમાં ગ્રાહકોને શું જોઈએ છે, તેની જરૂરિયાત શું છે અને તેના માટે ચૂકવણી કરવા માટે તૈયાર છે તે સમજવાનો સમાવેશ થાય છે.

(b) **મૂલ્ય શૃંખલામાં પગલાઓનું મેપિંગ :** મૂલ્ય સાંકળનો નકશો બનાવવો, જે ઉત્પાદનનું ઉત્પાદન કરવા અથવા સેવા પ્રદાન કરવા માટે જરૂરી પગલાંઓનો ક્રમ છે. તે કચરો અને બિનકાર્યક્ષમતાના વિસ્તારોને ઓળખવામાં મદદ કરે છે.

(c) **પ્રવાહની ખાતરી કરવી :** મૂલ્ય શૃંખલા દ્વારા કાર્યોના સરળ, સીમલેસ પ્રવાહની ખાતરી કરવી. તેમાં અવરોધો અને વિક્ષેપોને દૂર કરવાનો સમાવેશ થાય છે જે પ્રક્રિયાને ધીમુ કરે છે.

(d) **ગ્રાહક પુલની સ્થાપના :** પૂલ સિસ્ટમ અમલમાં મૂકવી જે ગ્રાહકની જરૂરિયાતના આધારે ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. તે ઈન્વેટરી અને કચરો ઘટાડવામાં મદદ કરે છે.

(e) **સંપૂર્ણતા માટે પ્રયત્નશીલ :** કચરાને ઓળખીને અને દૂર કરીને, પ્રક્રિયાઓમાં સુધારો કરીને અને ગુણવત્તાની ખાતરી કરીને નિરંતર પ્રયાસ કરવો.

**નોંધ :** (1) કાઈઝેન એ એક જાપાની શબ્દ છે જેનો અનિવાર્ય અર્થ થાય છે 'સારા માટે પરિવર્તન' અથવા 'સારા માટે બદલાવ'.

(2) તેનો ધ્યેય ગ્રાહકને ખામી–મુક્ત ઉત્પાદન અથવા સેવા પ્રદાન કરવાનો છે.

## એકીકૃત શિક્ષક શિક્ષણ કાર્યક્રમ (Integrated Teacher Education Programme)

નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (NCTE)એ સમગ્ર ભારતમાં 57 શિક્ષક શિક્ષણ સંસ્થાઓમાં એકીકૃત શિક્ષક શિક્ષણ કાર્યક્રમ (ITEP) શરૂ કર્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ મોટી પહેલ <u>રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020</u> હેઠળ શરૂ કરવામાં આવી છે.
- તેને <u>2021માં</u> સૂચિત કરવામાં આવી હતી.
- તે <u>4-વર્ષનો</u> <u>ડ્યુઅલ–મેજર બેચલર ડિગ્રી</u> પ્રોગ્રામ રજૂ કરે છે, જે શિક્ષકોને નવા શાળા માળખાના 4 તબક્કાઓ એટલે કે <u>5 + 3 + 3 + 4</u> માટે તૈયાર છે.

## ITEP શું છે ?

ITEPનો ઉદ્દેશ્ય અદ્યતન શિક્ષણશાસ્ત્ર, પાયાની સાક્ષરતા અને સંખ્યા, પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ, સર્વસમાવેશક શિક્ષણ અને અન્ય બાબતોની સાથે ભારતના મૂલ્યો, નૈતિકતા, કલા અને પરંપરાઓની સમજ પ્રદાન કરવાનો છે.

- આ કોર્સમાંથી પાસ થનારા સંભવિત શિક્ષકો નવા ભારતના ભાવિને ઘડવા માટે 21મી સદીના વૈશ્વિક ધોરણોથી સજ્જ હશે.
- આ કોર્સ વિદ્યાર્થીઓને 5ને બદલે 4 વર્ષમાં પૂર્ણ કરીને એક વર્ષ બચાવશે.

## લાભ

- તે <u>અત્યાધુનિક શિક્ષણ પ્રદાન</u> કરશે.
- તેનો અર્થ એ છે કે તે <u>શિક્ષણ પદ્ધતિઓ</u> અને <u>શિક્ષણ પ્રથાઓમાં</u> ઉપયોગમાં લેવાતી નવીનતમ તકનીકો પ્રદાન કરશે.
- વધુમાં તે પાયાની સાક્ષરતા સ્થાપિત કરશે અને પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણને સમર્થન આપશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ITEPમાં આવરી લેવામાં આવેલ પાયાની સાક્ષરતા અને સંખ્યા

તે કૌશલ્ય અને વ્યૂહરચનાઓ છે જેનો ઉપયોગ બોલવા, વાંચન, લેખન અને વિચારોના અર્થઘટનમાં થાય છે.

- મૂળભૂત આંકડાકીય કુશળતામાં મૂળભૂત ગાણિતિક ક્રિયાઓનો સમાવેશ થાય છે. જેમ કે બાદબાકી, સરવાળો, ગુણાકાર અને ભાગાકાર.

अभी नहीं तो कभी नहीं
સપ્તરંગી ઑફર 75% BIG DISCOUNT
TET 1 & 2 | વનરક્ષક | કોન્સ્ટેબલ | PSI-ASI
SSC - MTS | GPSC 1/2 & Dy.S.O. | તલાટી-જુ.કલાર્ક
ICEONLINE APP ડાઉનલોડ કરો

| | | |
|---|---|---|
| 1. | 'સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 11 માર્ચ (B) 12 માર્ચ (C) 13 માર્ચ (D) 14 માર્ચ | (B) |
| 2. | તાજેતરમાં ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે વૈશ્વિક સ્પર્ધાત્મક રોડમેપ પ્રદાન કરવા માટે 'MSME સ્પર્ધાત્મકતા (LEAN) યોજના' શરૂ કરી છે. આ યોજના કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી છે ?<br>(A) સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય (B) સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય<br>(C) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (D) કાપડ મંત્રાલય | (B) |
| 3. | તાજેતરમાં નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (NCTE)એ સમગ્ર ભારતમાં કેટલી શિક્ષક શિક્ષણ સંસ્થાઓમાં 'એકીકૃત શિક્ષક શિક્ષણ કાર્યક્રમ' (ITEP) શરૂ કર્યો છે ?<br>(A) 57 (B) 67 (C) 77 (D) 97 | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે પ્રસિદ્ધ ગેરનો મેળો યોજાયો



તાજેતરમાં ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે ગેરના મેળાનું આયોજન થયું હતું.

- ક્વાંટ ખાતે હોળીના તહેવાર દરમિયાન યોજાતો આ મેળો વિશ્વ પ્રસિદ્ધ આદિવાસી મેળો છે.
- આ મેળો દર વર્ષે ધૂળેટીના ત્રીજા દિવસે યોજાય છે.
- આ મેળામાં આદિવાસી સમાજની સંસ્કૃતિ, પહેરવેશ, વાજિંત્રો અને ખાસ કરીને તેમના મનમોહક નૃત્યોને નિહાળવા માટે ફક્ત ભારતના જ નહિ, પરંતુ વિદેશી પર્યટકો પણ ઉમટી પડે છે.

## ડાંગ દરબાર

તાજેતરમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ડાંગના પરંપરાગત ભાતીગળ લોકમેળો ડાંગ દરબારને ખુલ્લો મુકયો હતો.

- ડાંગ દરબારનું હોળી–ધૂળેટી પર્વના અગાઉના દિવસો દરમિયાન આયોજન કરાતું હોય છે.
- ડાંગ જિલ્લાના આહવા ખાતે તેનું આયોજન કરવામાં આવે છે.
- ડાંગ દરબાર આદિવાસીનો નૃત્ય મહોત્સવ છે.
- ડાંગ દરબારમાં આદિવાસી પ્રતિભાને રાજ્ય સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતી સાહિત્યકાર સુશ્રી ધીરુબહેન પટેલનું નિધન

લોકપ્રીય સાહિત્યકાર સુશ્રી ધીરુબહેન પટેલનું 97 વર્ષની વયે, અમદાવાદ ખાતે નિધન થયું છે.

### સુશ્રી ધીરુબહેન પટેલ

- જન્મ : 29 મે, 1926
- જન્મ સ્થળ : વડોદરા
- પિતાનું નામ : ગોરધનભાઈ પટેલ
- માતાનું નામ : ગંગાબા
- શેના માટે જાણિતા : ગુજરાતી નવલકથાકાર, નાટ્ય લેખક, ચલચિત્ર પટકથા લેખક, અનુવાદક, બાળ સાહિત્ય લેખક



સુશ્રી ધીરુબહેન પટેલ જાણીતા ગુજરાતી નવલકથાકાર, નાટ્ય લેખક, ચલચિત્ર પટકથા લેખક અને બાળ સાહિત્ય લેખિકા હતા.

- તેમનો જન્મ 29 મે, 1926ના રોજ વડોદરા ખાતે થયો હતો.
- ધીરુબહેન પટેલની અનેક રચનાઓ ગુજરાતી સાહિત્યની મુડી છે. ગુજરાતી સર્જક તરીકે તેમણે નવલિકા, લઘુનવલ, નવલકથા, ચરિત્રનિબંધો, બાળસાહિત્ય, કાવ્ય અને હાસ્યકથાઓના રૂપમાં મૂલ્યવાન કૃતિઓ આપી છે.
- 1980માં ધીરુબહેનના નાટક પરથી ફિલ્મ સર્જક શ્રી કેતન મહેતાએ ગુજરાતી ફિલ્મ 'ભવની ભવાઈ' બનાવી હતી.
- સુશ્રી ધીરુબહેન પટેલને વર્ષ 1980માં રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.
- 1981માં ક.મા.મુનશી સુવર્ણચંદ્રક પુરસ્કાર અને 2002માં સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત થયો હતો.
- 'આગંતુક' લઘુનવલ માટે 2001માં તેમને સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો.

### ધીરુબહેન પટેલની મહત્ત્વની કૃતિઓ

- નવલકથા : વડવાનલ, વાવંટોળ, વમળ, શીમળાના ફૂલ
- લઘુનવલ : આગંતુક (સાહિત્ય અકાદમી દિલ્હી પુરસ્કાર 2001 વિજેતા કૃતિ), વાંસનો અંકુર, આંધળી ગલી
- નવલિકા : ચોરસ ટીપું

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ધીરુબહેન પટેલની અન્ય કૃતિઓ

- **વાર્તા** : અધુરો કોલ, એક લહર, વીશ્રંભકથા, કાદંબરીની મા, સંશયબીજ
- **નાટકો** : વિનાશને પંથે, પહેલું ઈનામ, પંખીનો માળો.
- **કાવ્યસંગ્રહ** : કીચન પોએમ્સ (અંગ્રેજી), કીચન પોએમ્સ (ગુજરાતી)
- **હાસ્યકથાઓ** : પરદુ:ખ ભંજન પેસ્તનજી, કાર્તિક અને બીજા બધાં, ગગનના લગન.
- **એકાંકી** : નમણી નાગરવેલ.
- **બાળસાહિત્ય** : બતકનું બચ્ચું, મિત્રાના જોડકણાં, મીનુની મોજડી, કાકુમાકુ અને પૂંછડીની પંચાત, ગાડાના પૈડા જેટલા રોટલાની વાત, ડેન્ડ્રીડાડ
- **બાળનાટકો** : અંડેરી ગંડેરી ટીપરી ટેન, ગગનચાંદનું ગધેડું, ગોરો આવ્યો, સૂતરફેણી, આરબ અને ઊંટ, મમી ! તું આવી કેવી ? પાઈપાઈ.
- **રેડિયોનાટક** : મનનો માનેલો.

## ધર્મ ગાર્ડિયન અભ્યાસ 2023 : ભારત-જાપાન

ભારત અને જાપાન વચ્ચેની સંયુક્ત સૈન્ય કવાયત ‘ધર્મ ગાર્ડિયન અભ્યાસ’ (Dharma Guardian Exercise) જાપાનના શિંગા પ્રાંતના કેમ્પ ઈમાઝુ ખાતે 17 ફેબ્રુઆરીથી 2 માર્ચ 2023 દરમિયાન હાથ ધરવામાં આવી હતી.



- આ અભ્યાસમાં ભારતીય સેનાની ગઢવાલ રાઈફલ રેજિમેન્ટે ભાગ લીધો હતો.
- જ્યારે જાપાન તરફથી જાપાન ગ્રાઉન્ડ સેલ્ફ ડિફેન્સ ફોર્સ (JGSDF)ની મિડલ આર્મીની એક ઈન્ફન્ટ્રી રેજિમેન્ટે ભાગ લીધો હતો.
- 2023માં યોજાયેલ આ અભ્યાસ કે કવાયત ચોથી આવૃત્તિ હતી.
- આ સંયુક્ત કવાયત બંને સૈન્યને યુએન મેન્ડેટ હેઠળ વ્યૂહાત્મક કામગીરી હાથ ધરવાની રણનીતિ, તકનીકો અને પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠ પ્રેક્ટિસ શેર કરવા સક્ષમ બનાવશે.

**1.** ગુજરાતમાં હોળી બાદ ગેરનો પ્રસિદ્ધ મેળો કયાં યોજાય છે ?

(A) ગોધરા (B) રાજપીપળા (C) આહવા (D) ક્વાંટ

**(D)**

**2.** ગુજરાતમાં કયા જિલ્લામાં આવેલા ક્વાંટ ખાતે હોળી બાદ દર વર્ષે ગેરનો પ્રસિદ્ધ મેળો યોજાય છે ?

(A) પંચમહાલ (B) નર્મદા (C) ડાંગ (D) છોટાઉદેપુર

**(D)**

**3.** તાજેતરમાં ડાંગ જિલ્લાના કયા સ્થળે 'ડાંગ દરબાર'નું આયોજન થયું હતું ?

(A) આહવા (B) ક્વાંટ (C) વઘઈ (D) સુબીર

**(A)**

**4.** તાજેતરમાં પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર સુશ્રી ધીરુબહેન પટેલનું નિધન થયું છે. ધીરુબહેન પટેલનો જન્મ નીચેના પૈકી કયા શહેરમાં થયો હતો ?

(A) જૂનાગઢ (B) ભાવનગર (C) વડોદરા (D) સુરેન્દ્રનગર

**(C)**

**5.** સુશ્રી ધીરુબહેન પટેલની નીચેના પૈકી કઈ કૃતિ છે ?

(A) વડવનાલ (B) આગંતુક (C) આંધળી ગલી (D) ઉપરોક્ત તમામ

**(D)**

**6.** તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'ધર્મ ગાર્ડિયન અભ્યાસ-2023'નું આયોજન થયું હતું ?

(A) કિર્ગિસ્તાન (B) જાપાન (C) અમેરિકા (D) યુ.કે.

**(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેપાળના નવા રાષ્ટ્રપતિ : શ્રી રામ ચંદ્ર પૌડેલ



8 માર્ચ, 2023ના રોજ નેપાળી કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન શ્રી રામ ચંદ્ર પૌડેલ નેપાળના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે.

- તેમણે સંસદના 214 સાંસદો અને 352 પ્રાંતીય એસેમ્બલી સભ્યોના મત સાથે આરામદાયક જીત મેળવી હતી.
- શ્રી રામ ચંદ્ર પૌડેલ સુશ્રી વિદ્યા દેવી ભંડારી પછી નેપાળના ત્રીજા રાષ્ટ્રપતિ છે.
- સુશ્રી વિદ્યા દેવી ભંડારીનો કાર્યકાળ 12 માર્ચના રોજ સમાપ્ત થયો હતો.
- નેપાળના રાષ્ટ્રપતિની ચૂંટણી સંસદ અને પ્રાંતીય એસેમ્બલીઓના સભ્યોની બનેલી ચૂંટણી મંડળ દ્વારા કરવામાં આવે છે.
- શ્રી રામ ચંદ્ર પૌડેલ નેપાળી કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા છે અને પાંચ દાયકા કરતા વધુ સમયથી રાજકરણમાં સક્રિય છે.
- તેઓ પાર્ટીમાં મહાસચિવ, ઉપાધ્યક્ષ અને પ્રમુખ સહિત અનેક મહત્વના હોદ્દા પર રહ્યા છે.
- આ ઉપરાંત તેમણે સંસદ સભ્ય અને નાયબ વડાપ્રધાન તરીકે પણ સેવા આપી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કર્નલ ગીતા રાણા



ભારતીય સેનાએ એક મહિલા અધિકારી કર્નલ સુશ્રી ગીતા રાણાને ચીન સરહદ નજીક પૂર્વી લદ્દાખમાં એક સંવેદનશીલ સ્થાન પર સ્વતંત્ર ફિલ્ડ વર્કશોપનું નેતૃત્વ કરવા માટે નિયુક્ત કરીને ઈતિહાસ રચ્યો છે.

- લિંગ સમાનતા લાવવા અને પસંદગીની શાખાઓમાં મહિલા અધિકારીઓને કમાન્ડ કરવા માટે ભારતીય સેનાના પ્રયાસોમાં આ એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે.
- કર્નલ ગીતા રાણાની નિમણૂક આ પ્રકારની પ્રથમ નિમણૂક છે.
- કારણ કે અગાઉ કોઈપણ મહિલા અધિકારીને તબીબી પ્રવાહની બહાર કમાન્ડરોલ સોંપવામાં આવ્યો ન હતો.

- તબીબી પ્રવાહની બહારની મહિલા અધિકારીઓને કમાન્ડ રોલ માટે નિયુક્ત કરવાનો નિર્ણય ભારતીય સેનામાં લિંગ સમાનતા તરફ આવકાર્ય પગલું છે.

## ભારત વિશ્વનો સૌથી મોટો હથિયારોની આયાત કરતો દેશ

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI)ના 'ટ્રેન્ડ્સ ઈન ઈન્ટરનેશનલ આર્મ્સ ટ્રાન્સફર 2022 રિપોર્ટ અનુસાર ભારત 2018 થી 2022 સુધી વિશ્વનો સૌથી મોટો હથિયારોનો આયાતકાર દેશ રહ્યો છે.

- ભારત બાદ સાઉદી અરેબિયા આ યાદીમાં બીજા અને યુક્રેન ત્રીજા નંબરે આવે છે.
- વૈશ્વિક સ્તરે યુક્રેનમાં યુદ્ધની પૃષ્ઠભૂમિમાં 2013-17 અને 2018-22ની વચ્ચે યુરોપિયન દેશો દ્વારા શસ્ત્રોની મુખ્ય આયાતમાં 47%નો વધારો થવા સાથે, આંતરરાષ્ટ્રીય શસ્ત્રોના પરિવહનમાં 5.1% ઘટાડો થયો છે.
- વૈશ્વિક શસ્ત્રોની નિકાસમાં યુએસનો હિસ્સો 33%થી વધીને 40% થયો છે, જ્યારે રશિયાનો હિસ્સો 22%થી ઘટીને 16% થયો છે.
- 2013-17 અને 2018-22ની વચ્ચે પાકિસ્તાન દ્વારા શસ્ત્રોની આયાતમાં 14%નો વધારો થયો છે અને તે વૈશ્વિક કુલના 3.7% જેટલો હિસ્સો ધરાવે છે. તથા 2018-22માં ચીન પાકિસ્તાનના 77% શસ્ત્રોની સપ્લાય કરે છે.
- 2018-22માં ભારત વિશ્વમાં શસ્ત્રોનો સૌથી મોટો આયાતકાર હતો, જે કુલ વૈશ્વિક આયાતમાં 11% હિસ્સો ધરાવે છે.
- 2013-17 અને 2018-22 વચ્ચે તેની શસ્ત્રોની આયાતમાં 11%નો ઘટાડો થયો હોવા છતાં ભારત ટોચનું આયાતકાર રહ્યું છે.
- 2013-17 અને 2018-22 વચ્ચે રશિયા ભારતનું સૌથી મોટું શસ્ત્ર સપ્લાયર હતું, પરંતુ શસ્ત્રોની આયાતમાં તેનો હિસ્સો 64%થી ઘટીને 45% થઈ ગયો છે.
- જ્યારે ફ્રાન્સ 2018-22 વચ્ચે ભારતના બીજા સૌથી મોટા શસ્ત્ર સપ્લાયર (29%) તરીકે ઉભરી આવ્યું છે.
- ત્યારબાદ ત્રીજા ક્રમે યુનાઈટેડ સ્ટેટ્સ (11%) આવે છે.
- ભારતે આ પાંચ વર્ષના સમયગાળા દરમિયાન ઈઝરાયેલ, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકામાંથી પણ શસ્ત્રોની આયાત કરી હતી. જેઓ વૈશ્વિક સ્તરે ટોચના શસ્ત્ર નિકાસકારોમાં સામેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 95મો ઓસ્કાર એવોર્ડ 2023



માર્ચ 2023 દરમિયાન અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના લોસ એન્જલસ ખાતેના હોલિવુડના ડોલ્બી થિયેટરમાં 95મા એકેડેમી એવોર્ડ્સનો વિતરણ સમારોહ યોજાયો હતો.

- આ સમારોહમાં કુલ 23 કેટેગરીમાં વિવિધ એવોર્ડ એનાયત થયા હતા.
- આ એવોર્ડ સમારોહમાં ભારતે બે એવોર્ડ જીતી ઈતિહાસ રચ્યો છે.
- જેમાં શ્રી એસ. એસ. રાજામૌલીની ફિલ્મ RRRના 'નાટુ...નાટુ...' ગીતને 'બેસ્ટ ઓરિજિનલ સોન્ગ' કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ મળ્યો છે.
- જ્યારે ભારતની 'ધ એલિફન્ટ વ્હિસ્પરર્સ'ને બેસ્ટ શોર્ટ ડોક્યુમેન્ટરી કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ મળ્યો છે.
- 'નાટુ...નાટુ...' ગીત માટે તેના કંપોઝર એમ. એમ. કિરાવાની અને ગીતકાર ચંદ્રબોઝે એવોર્ડ સ્વીકાર્યો હતો.
- જ્યારે 'ધ એલિફન્ટ વ્હિસ્પરર્સ'ને મળેલો બેસ્ટ શોર્ટ ડોક્યુમેન્ટરીનો એવોર્ડ કાર્તિકી ગોન્સાલ્વેસ અને પ્રોડ્યુસર ગુનીત મોંગાએ એવોર્ડ સ્વીકાર્યો હતો.
- 95માં ઓસ્કાર એવોર્ડમાં 'Everything Everywhere All at Once' ફિલ્મને સૌથી વધુ 7 એવોર્ડ એનાયત થયા હતા.
- બેસ્ટ ડિરેક્ટરનો એવોર્ડ શ્રી ડેનિયલ ક્વાન અને શ્રી ડેનિયલ સ્કીનર્ટને (Everything Everywhere All at Once માટે) મળ્યો છે.
- જ્યારે બેસ્ટ એક્ટરનો એવોર્ડ ધ વ્હેલ ફિલ્મ માટે શ્રી બ્રેન્ડમ ફ્રેઝરને મળ્યો છે.
- જ્યારે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ સુશ્રી મિશેલ યેઓહને 'Everything Everywhere All at Once' માટે એનાયત થયો છે.

**નોંધ :** 95મા ઓસ્કાર એવોર્ડ માટે 'Everything Everywhere All at Once' ફિલ્મને સૌથી વધુ 11 નોમિનેશન મળ્યા હતા.

## ઓસ્કાર 2023 : બેસ્ટ ફિલ્મ

વર્ષ 2023ના ઓસ્કાર એવોર્ડના સમારોહમાં બેસ્ટ ફિલ્મ (Best Picture)નો એવોર્ડ 'Everything Everywhere All at Once'ને મળ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ફિલ્મના ડિરેક્ટર શ્રી ડેનિયલ ક્વાન અને શ્રી ડેનિયલ સ્કીનર્ટ છે.
- 'એવરીથિંગ એવરીવ્હેર ઓલ એટ વન્સ'એ 2022ની અમેરિકન એબ્સર્ડિસ્ટ સાયન્સ ફિક્શન એક્શન કોમેડી ફિલ્મ છે.
- આ ફિલ્મ માર્ચ 2022માં રજૂ થઈ હતી.

## બેસ્ટ ડોક્યુમેન્ટરી

95મા ઓસ્કાર એવોર્ડ સમારોહમાં 'નવલ્ની' (Navalny) નામની ડોક્યુમેન્ટરીને 'બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ'નો ઓસ્કાર એવોર્ડ એનાયત થયો છે.

- 'નવલ્ની'એ એક ડોક્યુમેન્ટરી ફિલ્મ છે. જેના નિર્માતા ઓડેસા રાય, ડિયાન બેકર, મેલાની મિલર અને શેન બોરિસ છે.
- આ ફિલ્મનું નિર્દેશન ડેનિયલ રોહર દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ ફિલ્મ રશિયન વિપક્ષી નેતા એલેક્સી નવલ્ની પર છે.
- જ્યારે Short Subjectની કેટેગરીનો બેસ્ટ ડોક્યુમેન્ટરીનો એવોર્ડ ભારતની 'The Elephant Whisperers'ને મળ્યો છે.

## ઓસ્કાર એવોર્ડ 2023

| ક્રમ | એવોર્ડ | વિજેતા | ફિલ્મ/ડિરેક્ટર |
|---|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | Everything Everywhere All at Once | શ્રી ડેનિયલ ક્વાન અને શ્રી ડેનિયલ સ્કીનર્ટ |
| 2 | બેસ્ટ ડિરેક્ટર | શ્રી ડેનિયલ ક્વાન અને શ્રી ડેનિયલ સ્કીનર્ટ | Everything Everywhere All at Once માટે |
| 3 | બેસ્ટ એક્ટર | શ્રી બ્રેન્ડન ફ્રેઝર | The Whale ફિલ્મ માટે |
| 4 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી મિશેલ યેઓહ | Everything Everywhere All at Once માટે |
| 5 | બેસ્ટ સપોર્ટિંગ એક્ટર | શ્રી કે હુય ક્વાન | Everything Everywhere All at Once માટે |
| 6 | બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ | જેમી લી કર્ટિસ | Everything Everywhere All at Once માટે |

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

| | | | |
|---|---|---|---|
| 7 | બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લે | Everything Everywhere All at Once | – |
| 8 | બેસ્ટ એડેપ્ટેડ સ્ક્રીનપ્લે | Women Talking | સુશ્રી સારાહ પોલી |
| 9 | બેસ્ટ એનિમેટેડ ફિચર ફિલ્મ | Guillermo del Toro's Pinocchio | – |
| 10 | બેસ્ટ ઈન્ટરનેશનલ ફિચર ફિલ્મ | All Quiet on the Western Front (જર્મની) | – |
| 11 | બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિચર ફિલ્મ | નવલ્ની | – |
| 12 | બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ સબ્જેક્ટ | ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ | – |
| 13 | બેસ્ટ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મ | An Irish Goodbye | ટોમ બર્કલે અને રોસ વ્હાઈટ |
| 14 | બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મ | ધ બોય, ધ મોલ, ધ ફોકસ એન્ડ ધ હોર્સ | – |
| 15 | બેસ્ટ ઓરિજિનલ સ્કોર | All Quiet on the Western Front | – |
| 16 | બેસ્ટ ઓરિજિનલ સોંગ | નાટુ..નાટુ..(RRR ફિલ્મ) | – |
| 17 | બેસ્ટ સાઉન્ડ | ટોપ ગન:માવેરિક (અમેરિકન ફિલ્મ) | – |
| 18 | બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈન | All Quiet on the Western Front | – |
| 19 | બેસ્ટ સિનેમેટોગ્રાફી | All Quiet on the Western Front | જેમ્સ ફ્રેન્ડ દ્વારા સિનેમેટોગ્રાફી |
| 20 | બેસ્ટ મેકઅપ અને હેરસ્ટાઈલ | ધ વ્હેલ (એડ્રિયન મોરોટ, જુડી ચિન અને એની મેરી બ્રેડલી) | – |
| 21 | બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન | બ્લેક પેન્થર (વાકાંડા ફોરેવર– રૂથ ઈ–કાર્ટર) | – |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| 22 | બેસ્ટ ફિલ્મ એડિટિંગ | Everything Everywhere All at Once | – |
| 23 | બેસ્ટ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ | અવતાર : ધ વે ઓફ વૉટર | – |

નોંધ : (1) ભારતની All That Breathes નામની ડોક્યુમેન્ટરીને બેસ્ટ ડોક્યુમેન્ટરી કેટેગરીમાં નોમિનેશન થયું હતું.

(2) 'નાટુ...નાટુ...' ગીતને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ અને ક્રિટિક્સ ચોઈસ એવોર્ડ બાદ આ ત્રીજુ મોટું આંતરરાષ્ટ્રીય સન્માન મળ્યું છે.

## RRR ફિલ્મ

RRR એ 2022ની ભારતીય તેલુગુ–ભાષાની એક્શન ફિલ્મ છે.




- તેના ડિરેક્ટર શ્રી એસ.એસ.રાજામૌલી છે.
- શ્રી એસ.એસ. રાજામૌલીએ શ્રી વી.વિજય પ્રસાદ સાથે ફિલ્મનું સહલેખન કર્યુ હતું.
- આ ફિલ્મમાં 1920ના દાયકાની એક કાલ્પનિક વાર્તા છે. જે ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીઓ શ્રી અલ્લુરી સીતારામન રાજુ અને શ્રી કોમારામ ભીમ પર કેન્દ્રિત છે.
- RRR ફિલ્મ માર્ચ 2022માં બહુવિધ ભાષામાં રજૂ થઈ હતી.
- આ ફિલ્મમાં મુખ્ય અભિનય શ્રી જૂનિયર એન.ટી.આર. (નંદામુરી તારકા રામારાવ જૂનિયર) અને શ્રી રામ ચરણે કર્યો હતો.
- આ ઉપરાંત શ્રી અજય દેવગણ, સુશ્રી આલિયા ભટ્ટ, સુશ્રી શ્રીયા સરન, શ્રી સમુતિરકાની, શ્રી અલિસ ડૂડી અને શ્રી એલિવિયા મોરિસએ પણ અભિનય ભજવ્યો હતો.
- આ અગાઉ RRR ફિલ્મને શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મ માટે ક્રિટિક્સ ચોઈસ એવોર્ડ મળ્યો હતો.
- RRR ફિલ્મના 'નાટુ...નાટુ...' ગીતને ઓસ્કાર એવોર્ડ ઉપરાંત આ અગાઉ 'ગોલ્ડન ગ્લોબ એવોર્ડ' મળ્યો હતો.
- નાટુ નાટુ સોંગ ખ્યાતનામ મ્યુઝિક ડાયરેક્ટર શ્રી એમ.એમ.કીરાવાની (M.M.Keeravaani)એ કમ્પોઝ કર્યુ છે તથા ગીતકાર શ્રી ચંદ્ર બોઝ છે.

નોંધ : શ્રી એસ.એસ.રાજામૌલીના જણાવ્યા અનુસાર RRRના ત્રણ શબ્દો 'Rise, Roar and Revolt' સાથે સંકળાયેલ છે. જેને તેલુગુ ભાષામાં 'રૌદ્રમ રણમ રુધિરમ' કહેવામાં આવે છે.

## The Elephant Whisperers




'ધ એલિફન્ટ વ્હિસ્પરર્સ' 2022ની તમિલ ભાષાની શોર્ટ ડોક્યુમેટરી ફિલ્મ છે.

- આ ફિલ્મ સુશ્રી કાર્તિકી ગોન્સાલ્વિસ દ્વારા નિર્દેશિત છે અને સુશ્રી ગુમીત મોંગા દ્વારા નિર્મિત છે.
- આ ડોક્યુમેન્ટરી એક દંપતી અને અનાથ બાળક હાથી, રઘુ વચ્ચેના બંધન વિશેની છે.
- આ એક પ્રાણી સંવેદનશીલ ટૂંકી ફિલ્મ છે અને તે બતાવે છે કે પ્રાણીઓ પ્રત્યે માનવીએ કેટલું સતર્ક અને સંવેદનશીલ હોવું જરૂરી છે.

## ઓસ્કાર એવોર્ડ

ઓસ્કાર એવોર્ડ્સને 'એકેડમી એવોર્ડ્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- જોકે તેનું ખરું નામ 'એકેડમી એવોર્ડ ઓફ મેરીટ' છે.
- ઓસ્કાર એવોર્ડ એ ફિલ્મ ક્ષેત્રનો વિશ્વનો સર્વોચ્ચ એવોર્ડ છે.
- એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિઝ (AMPAS) દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- સૌપ્રથમ વખત આ એવોર્ડ 16 મે, 1929ના રોજ એનાયત થયો હતો.

## ઓસ્કાર વિજેતા ભારતીય વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ફિલ્મ |
|---|---|---|---|
| (1) | શ્રીમતી ભાનુ અથૈયા | 1983 | ગાંધી |
| (2) | શ્રી સત્યજીત રે | 1992 | – |
| (3) | શ્રી રેસુલ પુકુટ્ટી | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (4) | શ્રી એ. આર. રહેમાન | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (5) | શ્રી ગુલઝાર | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (6) | શ્રી એમ.એમ. કીરવાણી, શ્રી ચંદ્ર બોઝ (નાટુ નાટુ સોંગ માટે) | 2023 | RRR |
| (7) | સુશ્રી કાર્તિકી ગોન્સાલ્વિસ, સુશ્રી ગુનીત મોંગા | 2023 | ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ (શોર્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ) |

**નોંધ : (1) સૌથી વધુ કુલ 26 ઓસ્કાર એવોર્ડ વોલ્ટ ડિઝનીને મળ્યા છે.**

**(2) જ્યોર્જ બર્નાડ શો એવી એકમાત્ર વ્યક્તિ છે કે જેઓ ઓસ્કાર અને નોબલ એમ વિશ્વકક્ષાના બન્ને એવોર્ડ જીતી ચૂકયા હોય.**

(1) **શ્રીમતી ભાનુ અથૈયા :** શ્રીમતી ભાનુ અથૈયા ઓસ્કાર એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય વ્યક્તિ છે. તેમને ઈ.સ. 1983માં 'ગાંધી' ફિલ્મ માટે 'બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન'ની કેટેગરીમાં (જ્હોન મોલો સાથે) આ એવોર્ડ એનાયત થયો હતો.

(2) **શ્રી સત્યજીત રે :** બંગાળી ફિલ્મના પ્રસિદ્ધ ડાયરેક્ટર શ્રી સત્યજીત રે ને વર્ષ 1992માં એકેડમી એવોર્ડના લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

(3) **શ્રી રેસુલ પુકુટ્ટી :** તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ સાઉન્ડ મિક્સિંગ'ની કેટેગઢ રીમાં ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો.

(4) **શ્રી એ. આર. રહેમાન :** શ્રી એ. આર. રહેમાન એક સાથે બે ઓસ્કાર એવોર્ડ મેળવનાર એક માત્ર ભારતીય વ્યક્તિ છે. તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો....શ્રી ગુલઝાર સાથે) અને 'બેસ્ટ ઓરિજનલ સ્કોર'ની કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયો હતો.

(5) **શ્રી ગુલઝાર :** ગુલઝારને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો.... શ્રી એ. આર. રહેમાન સાથે)ની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓસ્કાર વિજેતા ભારતીય ફિલ્મ

(1) **ગાંધી :** ઓસ્કાર વિજેતા પ્રથમ ભારતીય ફિલ્મ (1983).

(2) **સ્લમડોગ મિલિયોનર :** સૌથી વધુ ત્રણ ઓસ્કાર પુરસ્કાર મેળવનાર ભારતીય ફિલ્મ (2009)

(3) **પીરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ :** વિદેશી નિર્માતા દ્વારા ભારતમાં બનેલી ફિલ્મ (2019)






**1.** તાજેતરમાં શ્રી રામ ચંદ્ર પૌડેલ કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ?

(A) ભૂટાન (B) નેપાળ (C) મલેશિયા (D) ઈન્ડોનેશિયા **(B)**

**2.** તાજેતરમાં ભારતીય સેનાએ એક મહિલા અધિકારી _____ ને ચીન સરહદ નજીક પૂર્વ લદ્દાખમાં એક સંવેદનશીલ સ્થાન પર સ્વતંત્ર ફિલ્ડ વર્કશોપનું નેતૃત્વ કરવા માટે નિયુક્ત કરીને ઈતિહાસ રચ્યો છે.

(A) કર્નલ ગીતા રાણા (B) કર્નલ મીતા કુમારી

(C) કર્નલ નીતા ચૌધરી (D) કર્નલ અનીતા રાઠોડ **(A)**

**3.** તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI રિપોર્ટ અનુસાર કયો દેશ 2018 થી 2022 સુધી વિશ્વનો સૌથી મોટો હથિયાર આયાતકાર દેશ રહ્યો છે ?

(A) ભારત (B) ચીન (C) પાકિસ્તાન (D) યુક્રેન **(A)**

**4.** માર્ચ, 2023 દરમિયાન કેટલામાં ઓસ્કાર એવોર્ડનું આયોજન થયું હતું ?

(A) 92મા (B) 93મા (C) 94મા (D) 95મા **(D)**

**5.** અમેરિકાના લોસ એન્જલસ ખાતે આવેલા કયા થિયેટરમાં 95મો ઓસ્કાર એવોર્ડ સમારોહ યોજાયો હતો ?

(A) ડોલી (B) ડેલ્ટા (C) ડોલ્બી (D) ડોલ્ફિન **(C)**

**6.** વર્ષ 2023માં કઈ ફિલ્મને સૌથી વધુ 7 ઓસ્કાર એવોર્ડ મળ્યા છે ?

(A) All Quiet on the Western Front (B) Top Gun : Maverick

(C) Everyting Everywhere All at Once (D) The Whale **(C)**

**7.** વર્ષ 2023ના ઓસ્કાર એવોર્ડ સમારોહમાં કઈ ફિલ્મને ‘બેસ્ટ ફિલ્મ’નો એવોર્ડ એનાયત થયો છે ?

(A) Everyting Everywhere All at Once (B) CODA

(C) All Quiet on the Western Front (D) The Whale **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** વર્ષ 2023માં 'બેસ્ટ ડિરેક્ટર'નો ઓસ્કાર એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) શ્રી ડેનિયલ ક્વાન અને શ્રી ડેનિયલ સ્કીનર્ટ (B) શ્રી વિલ સ્મીથ

(C) શ્રી સિયાન હેડર અને શ્રી કેનેથ બ્રનાઘ (D) શ્રી જોકિન ફોનિક્સ **(A)**

**9.** વર્ષ 2023માં 'બેસ્ટ એક્ટર'નો ઓસ્કાર એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) શ્રી કે હુ ક્વાન (B) શ્રી બ્રેન્ડન ફ્રેઝર (C) શ્રી ડેનિયલ રોહર (D) શ્રી વિલ સ્મીથ **(B)**

**10.** તાજેતરમાં 95માં ઓસ્કાર એવોર્ડ સમારોહમાં 'નાટુ..નાટુ..' ગીતને 'બેસ્ટ ઓરિજિનલ સોંગ' કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ મળ્યો છે. આ સોંગ કઈ ફિલ્મનું છે ?

(A) KGF-1 (B) PUSHPA (C) RRR (D) KGF-2 **(C)**

**11.** તાજેતરમાં કઈ ભારતીય શોર્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મને ઓસ્કાર એવોર્ડ મળ્યો છે ?

(A) લાસ્ટ ફિલ્મ શો (B) ધ એલિફન્ટ વ્હિસ્પરર્સ

(C) પિરિયડ : એન્ડ ઓફ સેન્ટેસ (D) જૂનુન **(B)**



**દિવસ મહિમા : 15 માર્ચ,**

(1) વિશ્વ ગ્રાહક દિન અથવા વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ (World Consumer Day or World Consumer Rights Day)

(2) World Speech Day

(3) વિશ્વ સંપર્ક દિવસ (World Contact Day)

(4) પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Police Brutality)

### વિશ્વ ગ્રાહક દિન




ગ્રાહક સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 15 માર્ચના રોજ 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- Consumer International દ્વારા ઉજવાતા આ દિવસની ઉજવણીનો એક અન્ય હેતુ 'ગ્રાહક અધિકાર'ના સંરક્ષણ અને એ અંગે જાગૃતિનો પણ છે.
- વર્ષ 2023ની 'વિશ્વ ગ્રાહક દિન'ની થીમ 'Empowering Consumers Through Clean Energy Transitions' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

## ત્રણ રાજ્યોમાં નવા મુખ્યમંત્રી

તાજેતરમાં પૂર્વોત્તરના ત્રણ રાજ્યો નાગાલેન્ડ, મેઘાલય અને ત્રિપુરામાં રાજ્ય વિધાનસભા ચૂંટણીનું આયોજન થયું હતું.

- આ ત્રણ રાજ્યની ચૂંટણીના પરિણામ અને નવા મુખ્યમંત્રી નીચે મુજબ છે :

### ત્રિપુરા



તાજેતરમાં ત્રિપુરાની 60 બેઠકો પર વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.

- જેમાં ભારતીય જનતા પાર્ટીને 32 સિટ મળી હતી.
- તથા કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ને 11 સિટ મળી હતી.

- જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને 3, ઈન્ડીજીનસ પીપલ્સ ફ્રન્ટ ઓફ ત્રિપુરાને 1 અને ટીપરા મોથા પાર્ટીને 13 સિટ મળી હતી.
- જેમાં ત્રીપુરાના મુખ્યમંત્રી તરીકે ભારતીય જનતા પાર્ટીના શ્રી મણિક સાહાએ શપથ લીધા હતા.
- શ્રી મણિક સાહાને ત્રીપુરાના રાજ્યપાલ શ્રી સત્યદેવ નારાયણ આર્યએ મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.
- શ્રી મણિક સાહાએ બીજી વખત મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.

## નાગાલેન્ડ

તાજેતરમાં નાગાલેન્ડમાં 60 બેઠકો પર વિધાનસભા ચૂંટણીનું આયોજન થયું હતું.



- જેમાં નેશનલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી (NDPP)ને 25 સીટ મળી હતી.
- તથા ભારતીય જનતા પાર્ટીને 12, ઈન્ડિપેન્ડેડને 4, નેશનલ પીપલ્સ પાર્ટી 5, ભારતીય કોંગ્રેસ પાર્ટી 7 અને અન્યને 7 સીટ મળી હતી.
- નેશનલ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીના નેતા શ્રી નેઈફ્યુ રિયોએ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.
- નાગાલેન્ડના રાજ્યપાલ શ્રી લા ગણેશનએ શ્રી નેઈફ્યુ રિયોને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા છે.
- શ્રી નેઈફ્યુ રિયોએ પાંચમી વખત મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.

## મેઘાલય

તાજેતરમાં મેઘાલયમાં 59 બેઠક પર વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.



- મેઘાલયમાં વિધાનસભાની 60 બેઠક છે જેમાં 59 બેઠકમાં ચૂંટણી થઈ હતી.
- જેમાં નેશનલ પીપલ્સ પાર્ટીને 26 સીટ મળી હતી.
- જ્યારે યુનાઈટેડ ડેમોક્રેટિક પાર્ટી 11, ભારતીય જનતા પાર્ટી 2 અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસને 5 સીટ મળી હતી.
- તથા ઓલ ઈન્ડિયા તૃણમુલ કોંગ્રેસને 5 સીટ અને અન્યને 10 સિટ મળી હતી.
- નેશનલ પીપલ્સ પાર્ટીના નેતા શ્રી કોનરાડ સંગમાએ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.
- મેઘાલય રાજ્યના રાજ્યપાલ શ્રી ફાગુ ચૌહાણે કોનરાડ સંગમાને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા છે.

નોંધ : (1) મેઘાલયમાં NPP, UDP, PDF, HSPDF, BJP અને અન્ય અપક્ષ મળીને ગઠબંધનવાળી સરકાર છે.

(2) નાગાલેન્ડમાં NDPP અને BJPની ગઠબંધનવાળી સરકાર છે.

## ત્રણ રાજ્યના નવા મુખ્યમંત્રી

| ક્રમ | રાજ્ય | મુખ્યમંત્રી | પક્ષ | કુલ બેઠક |
|---|---|---|---|---|
| 1 | નાગાલેન્ડ | શ્રી નેઈફ્યુ રિયો | નેશનલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી - NDPP | 60 |
| 2 | ત્રિપુરા | શ્રી મણિક સાહા | ભારતીય જનતા પાર્ટી | 60 |
| 3 | મેઘાલય | શ્રી કોનરાડ સંગમા | નેશનલ પીપલ્સ પાર્ટી (NPP) | 60 |




1. 'World Speech Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

2. 'વિશ્વ સંપર્ક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

3. 'પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

4. 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

5. વર્ષ 2023ની 'વિશ્વ ગ્રાહક દિન'ની થીમ શું છે ?

(A) Empowering Consumers Through Clean Energy Transitions

(B) Consumer Justice Now

(C) The Sustainable Consumer

(D) Trusted Smart Products **(A)**

6. તાજેતરમાં શ્રી મણિક સાહાએ કયા રાજ્યના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે ?

(A) ત્રિપુરા (B) નાગાલેન્ડ (C) મેઘાલય (D) આસામ **(A)**

7. તાજેતરમાં શ્રી નેઈફ્યુ રિયોએ કયા રાજ્યના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે ?

(A) ત્રિપુરા (B) નાગાલેન્ડ (C) મેઘાલય (D) આસામ **(B)**

8. તાજેતરમાં શ્રી કોનરાડ સંગમાએ કયા રાજ્યના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે ?

(A) મણિપુર (B) મેઘાલય (C) નાગાલેન્ડ (D) અરૂણાચલ પ્રદેશ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## World Air Quality Report 2022

**IQAir** દ્વારા તાજેતરમાં '**Air Quality Report 2022**' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- IQAirનો **પાંચમો** વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ દર્શાવે છે કે ભારત હજુ પણ વાયુ પ્રદુષણની ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું છે.
- આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે હવામાં PM2.5 સ્તરના આધારે **39 ભારતીય શહેરો** વિશ્વના **50 સૌથી પ્રદૂષિત શહેરોમાં** સામેલ છે.
- વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં **દિલ્હી ચોથા** ક્રમે હતું અને તે વિશ્વનું સૌથી પ્રદૂષિત મેટ્રોપોલિટન શહેર પણ હતું.
- રાજસ્થાનનું **ભિવાડી** ભારતનું સૌથી વધુ પ્રદૂષિત શહેર હતું. અને તે વૈશ્વિક સ્તરે વિશ્વનું **ત્રિજુ** સૌથી વધુ પ્રદૂષિત શહેર છે.
- **લાહોર વિશ્વનું સૌથી વધુ પ્રદુષિત** શહેર છે.



### વિશ્વના 5 સૌથી વધુ એર પ્રદૂષિત શહેરો

| ક્રમ | શહેર | દેશ |
|---|---|---|
| 1 | લાહોર | પાકિસ્તાન |
| 2 | હોટન | ચીન |
| 3 | ભિવાડી | ભારત |
| 4 | દિલ્હી | ભારત |
| 5 | પેશાવર | પાકિસ્તાન |

### વિશ્વના 10 સૌથી વધુ એર પ્રદૂષિત દેશો

| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|
| 1 | ચાડ | 6 | બુર્કિના ફાસો |
| 2 | ઈરાક | 7 | કુવૈત |
| 3 | પાકિસ્તાન | 8 | ભારત |
| 4 | બહેરિન | 9 | ઈજિપ્ત |
| 5 | બાંગ્લાદેશ | 10 | તાજિકિસ્તાન |

- આ રિપોર્ટ અનુસાર નવી દિલ્હી વિશ્વની બીજી સૌથી પ્રદૂષિત રાજધાની છે.
- વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની ચાડ દેશની એન'જામેના (N'DJamena) છે.

## વિશ્વની 5 સૌથી વધુ એર પ્રદૂષિત રાજધાની

| ક્રમ | રાજધાની | દેશ |
|---|---|---|
| 1 | એન'જામેના (N'DJamena) | ચાડ |
| 2 | દિલ્હી | ભારત |
| 3 | બગદાદ | ઈરાક |
| 4 | મનામા | બહેરિન |
| 5 | ઢાકા | બાંગ્લાદેશ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રિપોર્ટ વિશે અન્ય માહિતી

IQAir સ્વિસ એર ક્વોલિટી ટેક્નોલોજી કંપની છે. જે વિશ્વભરમાં સરકારો અને અન્ય સંસ્થાઓ અને સંગઠનો દ્વારા સંચાલિત છે.

- વર્ષ 2022નો રિપોર્ટ 7,323 શહેર અને 131 દેશોના PM 2.5 ડેટા પર આધારિત છે.
- 2022માં દિલ્હીમાં PM 2.5નું સરેરાશ સ્તર 92.6 µg/M3 હતું, જે 2021ની સરેરાશ 96.4 µg/M3 કરતા થોડું ઓછુ હતું.
- આ ઉચ્ચ સ્તરનું વાયુ પ્રદૂષણ ફેફસાના કેન્સર, હૃદય રોગ અને સ્ટ્રોક જેવી ગંભીર આરોગ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે.
- દિલ્હીમાં વાયુ પ્રદૂષણનો પ્રાથમિક સ્ત્રોત વાહનોનું ઉત્સર્જન, ઔદ્યોગિક પ્રદૂષણ અને બાંધકામ પ્રવૃત્તિઓ છે.
- રાજસ્થાનનું ભિવાડી ભારતનું સૌથી પ્રદૂષિત શહેર હતું અને વાર્ષિક સરેરાશ PM 2.5 સ્તર 92.7 સાથે વિશ્વનું ત્રીજુ સૌથી પ્રદૂષિત શહેર હતું.
- ભિવાડીમાં હવામાં પ્રદૂષણનું ઊંચું સ્તર હવામાં હાનિકારક પ્રદૂષકો છોડતા ઉદ્યોગો અને કારખાનાઓની હાજરીને કારણે છે.
- દિલ્હી અને ભિવાડી સિવાય વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં અન્ય ઘણા ભારતીય શહેરોનું પ્રભૂત્વ છે.
- આ શહેરોમાં પટના, મુઝફ્ફરનગર, ધારબંગા, નોઈડા, ગાઝિયાબાદ, ફરીદાબાદ અને હિસારનો સમાવેશ થાય છે.

- રિપોર્ટ અનુસાર દિલ્હીના પાડોશી શહેરો ગુરુગ્રામ, નોઈડા, ગાઝિયાબાદ અને ફરીદાબાદમાં પ્રદૂષણના સ્તરમાં ઘટાડો થયો છે.
- વર્ષ 2022માં 131 દેશોમાંથી ભારત આઠમા સ્થાને છે, જેની વસ્તી–ભારિત સરેરાશ PM 2.5 સ્તર 53.3 µg/M3 હતી.

## બોલ્ડ કુરુક્ષેત્ર અભ્યાસ (Exercise Bold Kurukshetra)



સિંગાપોર આર્મી અને ભારતીય સેનાએ ભારતમાં જોધપુર મિલિટરી સ્ટેશન ખાતે દ્વિપક્ષીય સૈન્ય કવાયત 'બોલ્ડ કુરુક્ષેત્ર'ની 13મી આવૃત્તિમાં ભાગ લીધો હતો.

- આ કવાયત ભારતીય સેના દ્વારા યોજવામાં આવી હતી.
- કવાયતની શ્રેણીમાં પ્રથમ વખત બંને સેનાઓએ કમાન્ડ પોસ્ટ કવાયતમાં ભાગ લીધો હતો.
- જેમાં બટાલિયન અને બ્રિગેડ સ્તરની રણનીતિ અને કમ્પ્યૂટર વોરગેમિંગનો સમાવેશ થતો હતો.
- સિંગાપોર આર્મી અને ભારતીય સેના વચ્ચે સંયુક્ત લશ્કરી તાલીમ અને કવાયત માટે દ્વિપક્ષીય વ્યવસ્થાના દાયરામાં 'બોલ્ડ કુરુક્ષેત્ર' કરવાયત હાથ ધરવામાં આવી હતી.
- આ કવાયતનો ઉદ્દેશ યાંત્રિક યુદ્ધમાં ઉભરતા જોખમો અને ઉભરતી તકનીકોની સામાન્ય સમજને પ્રોત્સાહન આપવાનો છે.
- આ કવાયત સૌપ્રથમ વર્ષ 2005માં હાથ ધરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બોલિવૂડના દિગ્ગજ કલાકાર શ્રી સતીશ કૌશિકનું નિધન

અભિનેતા અને ફિલ્મ નિર્માતા શ્રી સતીશ કૌશિકનું તાજેતરમાં 66 વર્ષની વયે નિધન થયું છે.

### શ્રી સતીશ કૌશિક



શ્રી સતીશ કૌશિકનો જન્મ 13 એપ્રિલ 1956ના રોજ હરિયાણાના મહેન્દ્રગઢમાં થયો હતો.

- તેઓ નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા અને ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા.

- તેઓ એક <u>અભિનેતા</u>, <u>દિગ્દર્શક</u>, <u>નિર્માતા</u>, <u>હાસ્ય કલાકાર</u> અને <u>પટકથા</u> લેખક હતા.
- એક ફિલ્મ અભિનેતા તરીકે તેઓ મિસ્ટર ઈન્ડિયામાં '<u>કેલેન્ડર</u>' તરીકે, દિવાના મસ્તાનામાં <u>પપ્પુ પેજર</u> તરીકે અને સારાહ ગેવરોનની બ્રિટિશ ફિલ્મ બ્રિક લેનમાં '<u>ચાનુ અહેમદ</u>' તરીકેની ભૂમિકાઓ માટે જાણીતા હતા.
- તેમણે બે વખત ફિલ્મફેર બેસ્ટ કોમેડિયનનો એવોર્ડ જીત્યો હતો : <u>1990માં રામ લખન માટે</u> અને <u>1997માં સાજન ચલે સસુરાલ માટે</u>.
- દિગ્દર્શક તરીકે તેમની પ્રથમ ફિલ્મ શ્રીદેવીની <u>રૂપ કી રાની ચોરો કા રાજા</u> હતી.
- ત્યારબાદ તેમણે ફિલ્મ <u>પ્રેમનું</u> નિર્દેશન કર્યું, જે ફિલ્મ અભિનેત્રી <u>તબ્બુની</u> ડેબ્યુ ફિલ્મ હતી.
- તેમને <u>1999</u>માં <u>હમ આપ કે દિલમેં રહેતે હૈ</u> સાથે તેની પ્રથમ હિટ ફિલ્મ મળી હતી.
- આ ઉપરાંત તેમણે '<u>તેરે નામ</u>' જેવી હિટ ફિલ્મનું પણ નિર્દેશન કર્યું છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા 'Air Quality Report 2022' અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત શહેરોમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?

(A) નવી દિલ્હી (B) લાહોર (C) હોટન (D) ભિવાડી **(B)**

**2.** તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા 'Air Quality Report 2022' અનુસાર કયું શહેર ભારતનું સૌથી પ્રદૂષિત શહેર હતું. તથા વિશ્વનું સૌથી ત્રીજુ પ્રદૂષિત શહેર હતું ?

(A) નવી દિલ્હી (B) ગોરખપુર (C) ભિવાડી (D) કોલકાતા **(C)**

**3.** તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા 'Air Quality Report 2022' અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત દેશોમાં કયો દેશ પ્રથમ ક્રમે છે ?

(A) ચાડ (B) ઈરાક (C) પાકિસ્તાન (D) બહેરિન **(A)**

**4.** તાજેતરમાં IQAir દ્વારા પ્રસિદ્ધ થયેલા 'Air Quality Report 2022' અનુસાર વિશ્વના સૌથી વધુ એર પ્રદૂષિત રાજધાની શહેરોમાં કઈ રાજધાની પ્રથમ ક્રમે છે ?

(A) એન'જામેના (ચાડ) (B) દિલ્હી (ભારત) (C) બગદાદ (ઈરાક) (D) ઢાકા (બાંગ્લાદેશ) **(A)**

**5.** તાજેતરમાં ભારતીય આર્મી અને સિંગાપોરની આર્મી વચ્ચે કયા સ્થળે દ્વિપક્ષીય સૈન્ય કવાયત 'બોલ્ડ કુરુક્ષેત્ર કવાયત'ની 13મી આવૃત્તિ યોજાઈ હતી ?

(A) જામનગર મિલિટરી સ્ટેશન ખાતે (B) દેહરાદુન મિલિટરી સ્ટેશન ખાતે

(C) જોધપુર મિલિટરી સ્ટેશન ખાતે (D) લખનૌ મિલિટરી સ્ટેશન ખાતે **(C)**

**6.** તાજેતરમાં શ્રી સતીશ કૌશિકનું નિધન થયું છે. તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) અભિનેતા–દિગ્દર્શક–ફિલ્મ નિર્માતા (B) રાજકીય ક્ષેત્ર

(C) સ્ટીલ ઉદ્યોગ અને સિમેન્ટ ઉદ્યોગ (D) નૃત્ય અને કલા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંયુક્ત સબમરીન વિરોધી યુદ્ધ કવાયત

યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, ભારત, જાપાન અને દક્ષિણ કોરિયા દ્વારા સંયુક્ત સબમરીન વિરોધી કવાયત હાથ ધરવામાં આવી રહી છે.

- તેના ભાગરૂપે સી ડ્રેગન 23 કવાયત 15 માર્ચ 2023ના રોજ શરૂ કરવામાં આવી હતી. અને તેનો હેતુ ચીન અને ઉત્તર કોરિયાના જોખમોનો સામનો કરવા માટે આ દેશો વચ્ચેનાં જોડાણને મજબૂત કરવાનો છે.
- સી ડ્રેગન 23 એ સંયુક્ત સબમરીન વિરોધી યુદ્ધ કવાયત છે. જેમાં ભારત, યુએસ, કેનેડા, જાપાન અને દક્ષિણ કોરિયા સામેલ છે.
- કવાયતનો ઉદ્દેશ્ય મૂલ્યો અને ખુલ્લા, સમાવિષ્ટ ઈન્ડોપેસિફિક ક્ષેત્રની પ્રતિબદ્ધતાના આધારે મૈત્રીપૂર્ણ નૌકાદળ વચ્ચે ઉચ્ચ સ્તરની તાલમેલ અને સંકલન સ્થાપિત કરવાનો છે.
- આ કવાયતમાં યુએસ નેવીના P8A સાથે ભારતીય નેવી P8I એરક્રાફ્ટ, જાપાનીઝ મેરિટાઈમ સેલ્ફ–ડિફેન્સ ફોર્સનું P1, રોયલ કેનેડિયન એરફોર્સનું CP140 અને રિપબ્લિક ઓફ કોરિયા નેવીના P3Cનું પ્રતિનિધિત્વ જોવા મળ્યું હતું.

## ભૂટાન અલ્પ વિકસિત દેશોની યાદીમાંથી બહાર થઈ જશે

ભારતનો પાડોશી દેશ ભૂટાન 13 ડિસેમ્બર, 2023ના રોજ અલ્પ વિકસિત દેશો (Least Developed Countries - LDC)ની યાદીમાંથી બહાર થઈ જશે.



- આ સાથે ભૂટાન સંયુક્ત રાષ્ટ્રની અલ્પ વિકસિત દેશો (LDC)ની યાદીમાંથી સ્નાતક થનારો સાતમો દેશ બનશે.
- 2018માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા ગરીબી નિવારણ, શિક્ષણ, આરોગ્યસંભાળ અને લિંગ સમાનતા સહિતના ટકાઉ વિકાસના પ્રયાસોના આધારે ભૂટાનના સ્નાતકની જાહેરાત કરવામાં આવી હતી.
- ભૂટાન માટે તે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, કારણ કે તે આર્થિક અને માનવ વિકાસની દૃષ્ટિએ દેશની પ્રગતિનું પ્રતિનિધિત્વ કરે છે.

### અલ્પ વિકસિત દેશ (LDC) શું છે ?

LDC એ યુએન દ્વારા સૂચિબદ્ધ વિકાસશીલ દેશો છે જે સામાજિક – આર્થિક વિકાસના સૌથી નીચા સંકેતો દર્શાવે છે.

- આ ખ્યાલ સૌપ્રથમ 1960ના દાયકાના અંતમાં ઉદ્ભવ્યો હતો અને નવેમ્બર 1971માં પસાર કરાયેલ યુએન રિઝોલ્યુશન 2768 હેઠળ સ્થાપના કરવામાં આવી હતી.
- યુએન અનુસાર LDC એટલે એવો દેશ કે જે સામાજિક–આર્થિક વિકાસના સૌથી નીચા સૂચકાંકો દર્શાવે છે, સાથે–
  (1) આવકનું નીચું સ્તર, માનવ મૂડિ અને આર્થિક વૈવિધ્યકરણ
  (2) ઉચ્ચ સ્તરની આર્થિક નબળાઈ અને
  (3) વસતી કે જે અપ્રમાણસર રીતે કૃષિ, કુદરતી સંસાધનો અને પ્રાથમિક ચીજવસ્તુઓ પર નિર્ભર છે.
- આ યાદીમાં 46 દેશોનો સમાવેશ થાય છે જેને તેમની આવકના સ્તર, માનવ વિકાસ સૂચકાંકો અને આર્થિક નબળાઈના આધારે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- આ દેશો આર્થિક વિકાસના સંદર્ભમાં નોંધપાત્ર પડકારોનો સામનો કરે છે, જેમાં માળખાકીય સુવિધાનું નીચું સ્તર, નાણાકીય બજારોમાં મર્યાદિત પહોંચ અને ગરીબીની ઉચ્ચ ઘટનાઓનો સમાવેશ થાય છે.

નોંધ : (1) LDC સૂચિમાંથી ભૂટાનનું સ્નાતક થવાથી ભૂટાનને ઘણા ફાયદા થવાની અપેક્ષા છે, જેમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય બજારોમાં વધારો, સીધા વિદેશી રોકાણોમાં વધારો અને વ્યવસાયોની વધુ સારી તકોનો સમાવેશ થાય છે.

(2) તે ભૂટાનની આંતરરાષ્ટ્રીય ઈમેજને વેગ આપશે અને દેશમાં વધુ પ્રવાસીઓને આકર્ષશે તેવી અપેક્ષા છે, જે તેની પ્રાકૃતિક સુંદરતા અને અનન્ય સંસ્કૃતિ માટે જાણિતુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતીય નૌકાદળે જનરલ બિપિન રાવતની યાદમાં એવોર્ડની જાહેરાત કરી

તાજેતરમાં ભારતીય નૌકાદળે જાહેરાત કરી હતી કે તે ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ સ્વર્ગસ્થ જનરલ બિપિન રાવતની સ્મૃતિનું સન્માન કરશે અને તેમના નામે બે પુરસ્કારની સ્થાપના કરશે.

- ભારતીય નૌકાદળે સ્વર્ગસ્થ બિપિન રાવતની 65મી જન્મજંયતિની પૂર્વસંધ્યાએ આ જાહેરાત કરી હતી.
- આ પુરસ્કારો તેમના સંબંધિત ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ દર્શાવનાર લાયક વ્યક્તિઓને આપવામાં આવશે.
- પ્રથમ એવોર્ડ જનરલ બિપિન રાવત રોલિંગ ટ્રોફી જે 'મેરીટના એકંદર ક્રમમાં પ્રથમ ક્રમે રહેલી મહિલા અગ્નિવીર તાલીમાર્થી'ને આપવામાં આવશે.
- આ એવોર્ડ સૈન્યમાં મહિલાઓની ઉત્કૃષ્ટ સિદ્ધિઓને માન્યતા આપે છે.
- બીજો એવોર્ડ જનરલ બિપિન રાવતની ગોવામાં નેવલ વોર કોલેજમાં નેવલ હાયર કમાન્ડ કોર્સ કરતા 'Most Spirited Officer' માટે રોલિંગ ટ્રોફિ છે.

- આ પુરસ્કાર તાલીમ લઈ રહેલા અધિકારીઓની ઉત્કૃષ્ટ કામગીરીને માન્યતા આપે છે અને શ્રેષ્ઠતા માટે પ્રયત્નશીલ રહેવા માટે તેમને પ્રોત્સાહિત કરવાનો હેતુ ધરાવે છે.

## શ્રી બિપિન રાવત

શ્રી બિપિન રાવતનો જન્મ 16 માર્ચ, 1958ના રોજ પૌરી ગઢવાલ જિલ્લાના પૌરી શહેરમાં થયો હતો.

- જનરલ બિપિન રાવત 'નેશનલ ડિફેન્સ એકેડેમી' અને 'ઈન્ડિયન મિલિટરી એકેડેમી'ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.
- તેઓને ડિસેમ્બર, 1978માં ભારતીય સેનાની 'પાંચમી બટાલિયન' અને 'ઈલેવન્થ ગોરખા રાઈફલ્સ'માં કમિશન આપવામાં આવ્યું હતું.
- શ્રી બિપિન રાવત ડિફેન્સ સર્વિસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટનથી સ્નાતક થયા હતા.
- તેમણે ફોર્ટ લીવનવર્થ, યુએસએ ખાતેના કમાન્ડ એન્ડ જનરલ સ્ટાફ કોર્સમાં પણ હાજરી આપી હતી.
- તેમની સેવા દરમિયાન બ્રિગેડ કમાન્ડ, જનરલ સ્ટાફ ઓફિસર ગ્રેડ 2ના રૂપમાં અને અન્ય ઘણા મહત્ત્વના હોદ્દાઓ સંભાળ્યા હતા.
- 31 ડિસેમ્બર 2016ના રોજ તેમણે ભારતીય થલસેનાના વડા તરીકેનું પદ સંભાળ્યું હતું.
- ત્યારબાદ 1 જાન્યુઆરી, 2020ના રોજ ભારતના પ્રથમ 'Chief of Defence Staff' (CDS) તરીકે પદભાર સંભાળ્યો હતો.
- 8 ડિસેમ્બર, 2021ના રોજ તમિલનાડુના કુન્નુર ખાતે હેલિકોપ્ટર ક્રેશ દુર્ઘટનામાં તેમનું નિધન થયું હતું.
- તેમને મળેલા પુરસ્કારો આ મુજબ છે :

(1) પરમ વિશિષ્ટ સેવા મેડલ

(2) ઉત્તમ યુદ્ધ સેવા મેડલ

(3) અતિ વિશિષ્ટ સેવા મેડલ

(4) યુદ્ધ સેવા મેડલ

(5) સેના મેડલ

(6) વિશિષ્ટ સેવા મેડલ




નોંધ : ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ એ ભારતીય સશસ્ત્ર દળની ત્રણેય સેવાઓના વડા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં 'સી ડ્રેગન 23' નામની કવાયત યોજાઈ હતી. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. તે સંયુક્ત સબમરીન વિરોધી યુદ્ધ કવાયત છે.

   2. આ યુદ્ધ કવાયતમાં ભારત, યુએસ, કેનેડા, જાપાન અને દક્ષિણ કોરિયા સામેલ છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો

   (A) ફક્ત 1 (B) ફક્ત 2

   (C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

2. તાજેતરમાં યુએનના જણાવ્યા અનુસાર ભારતનો કયો પાડોશી દેશ 13 ડિસેમ્બર 2023ના રોજ 'અલ્પ વિકસિત દેશો' (Least Developed Countries - LDC)ની યાદીમાંથી બહાર થઈ જશે ?

   (A) ભૂટાન (B) બાંગ્લાદેશ (C) પાકિસ્તાન (D) અફઘાનિસ્તાન **(A)**

3. તાજેતરમાં ભારતીય નૌકાદળે જનરલ બિપિન રાવતની યાદમાં બે એવોર્ડ સ્થાપવાની જાહેરાત કરી હતી. શ્રી બિપિન રાવત ભારતના કેટલામાં CDS એટલે કે 'Chief of Defence Staff' હતા ?

   (A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




## H3N2 ઈન્ફલ્યુએન્ઝા વાયરસ




ઈન્ફલ્યુએન્ઝા A સબટાઈપ H3N2 વાયરસને કારણે ભારતમાં કર્ણાટક અને હરિયાણામાં એક–એક વ્યક્તિના મૃત્યુ નોંધાયા છે.

- H3N2ને સામાન્ય રીતે હોંગકોંગ ફલુ તરીકે પણ ઓળખવામાં આવે છે.

### H3N2 ઈન્ફલ્યુએન્ઝા વાયરસ શું છે ?

H3N2 એ ઈન્ફલ્યુએન્ઝા A વાયરસનો પેટા પ્રકાર છે.

- ઈન્ફલ્યુએન્ઝા વાયરસ જે ફલુ તરીકે ઓળખાતા ચેપી રોગનું કારણ બને છે, તે ચાર અલગ–અલગ પ્રકારના હોય છે : A, B, C, અને D.
- ઈન્ફલ્યુએન્ઝા Aને આગળ વિવિધ પેટા પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવે છે અને તેમાંથી એક H3N2 છે.
- H3N2 એ બિન–માનવ ઈન્ફલ્યુએન્ઝા વાયરસ છે. જે સામાન્ય રીતે ડુક્કરમાં ફરે છે જેણે મનુષ્યને ચેપ લગાવ્યો છે. જેને 'સ્વાઈન ઈન્ફલ્યુએન્ઝા વાયરસ' તરીકે ઓળખવામાં આવે છે.
- જ્યારે આ વાઈરસ મનુષ્યોને ચેપ લગાડે છે ત્યારે તેને 'વેરિએન્ટ' વાયરસ કહેવામાં આવે છે.
- H3N2ને કારણે 1968માં ફલુ રોગચાળો થયો હતો જેના કારણે વૈશ્વિક સ્તરે 10 લાખ લોકોના મૃત્યુ થયા હતા.
- ભારતમાં દર વર્ષે ઠંડા હવામાનને કારણે જાન્યુઆરીથી માર્ચ મહિનામાં ઈન્ફલ્યુએન્ઝા વધુ જોવા મળે છે.
- પર્યાવરણમાં તાપમાન ઓછુ હોવાથી માનવ શરીરને તેની સામાન્ય કામગીરી માટે પૂરતી ગરમી મળશે નહીં. પાચન પ્રક્રિયા ધીમી પડી જાય છે.
- અને છેવટે રોગપ્રતિકારક શક્તિનું સ્તર ઘટી જાય છે. ઓછી રોગપ્રતિકારક શક્તિને કારણે સામાન્ય શરદી અને તાવ જેવા વાયરસ ઈન્ફલ્યુએન્ઝા પર સરળતાથી હુમલો કરી શકે છે.
- H3N2 વાયરસ ઓછી પ્રતિરક્ષાને કારણે ફેલાઈ રહ્યો છે.

### H3N2ના લક્ષણો

H3N2ના લક્ષણોમાં તાવ, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, ગભરાટ અને ન્યુમોનિયાના ક્લિનિકલ ચિહ્નોનો સમાવેશ થાય છે.

- આ ઉપરાંત ગળુ સુકાવું, થાક, માથાનો દુખાવો વગેરેનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## INS દ્રોણાચાર્યને 'પ્રેસિડેન્ટ કલર' અર્પણ




ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ INS દ્રૌણાચાર્યને 'પ્રેસિડેન્ટ કલર' અર્પણ કર્યો હતો.

- પ્રેસિડેન્ટ કલર એ રાષ્ટ્ર માટે અસાધારણ સેવાઓ માટે ભારતમાં લશ્કરી એકમને આપવામાં આવતો સર્વોચ્ચ પુરસ્કાર છે.
- તેને એક 'નિશાન' તરીકે પણ ઓળખવામાં આવે છે. જેને તમામ યુનિટ અધિકારીઓ દ્વારા તેમની વર્દીમાં ડાબા હાથની સ્લીવ પર પહેરવામાં આવે છે.

નોંધ : (1) ત્રણ સંરક્ષણ દળોમાંથી ભારતીય નૌકાદળ એ પ્રથમ ભારતીય સશસ્ત્ર દળ હતું જેને વર્ષ 1951માં ડો. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા પ્રેસિડેન્ટ કલર એનાયત કરવામાં આવ્યો હતો.

(2) ભારત તેમજ ઘણા કોમનવેલ્થ દેશોમાં કલરની પરંપરા બ્રિટિશ આર્મીમાંથી લેવામાં આવી છે.

### INS દ્રૌણાચાર્ય

ભારતીય નૌકાદળનું INS દ્રૌણાચાર્ય એ કેરળના કોચીમાં આવેલી પ્રતિષ્ઠિત 'ગનરી સ્કૂલ' (Gunnery School) છે.

- તે નાના હથિયારો, નૌકાદળની મિસાઈલ, આર્ટિલરી, રડાર અને રક્ષાણત્મક પગલાં જેવા વિવિધ ક્ષેત્રોમાં તાલીમ અધિકારીઓ અને રેટિંગ માટે જવાબદાર છે.
- INS દ્રૌણાચાર્ય પાસે અત્યાધુનિક તાલીમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે જેમાં સિમ્યુલેટર, કમ્પ્યૂટર આધારિત તાલીમ પ્રણાલી અને લાઈવ ફાયરિંગ રેન્જનો સમાવેશ થાય છે.
- સ્કૂલમાં ઉચ્ચ લાયકાત ધરાવતા અને અનુભવી પ્રશિક્ષકોની ટીમ છે જે તાલીમાર્થીઓને વ્યવહારુ તાલીમ આપે છે.
- તે વિવિધ ક્ષેત્રોમાં દર વર્ષે લગભગ 820 અધિકારીઓ અને 2100 રેટિંગ્સને તાલીમ આપે છે.
- ભારતીય નૌકાદળના કર્મચારીઓ ઉપરાંત INS દ્રૌણાચાર્ય કોસ્ટગાર્ડ, અર્ધલશ્કરી દળો અને પોલીસ દળના કર્મચારીઓને પણ તાલીમ આપે છે.
- આ ઉપરાંત INS દ્રૌણાચાર્યએ શ્રીલંકા, માલદીવ્સ અને મોરેશિયસ જેવા મિત્રો દેશોના નૌકાદળને પણ તાલીમ આપેલી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 2023 માટે ગવર્નર ઓફ ધ યર એવોર્ડ



ભારતીય રિઝર્વ બેંક (RBI)ના ગવર્નર શ્રી શક્તિકાંત દાસને આંતરરાષ્ટ્રીય આર્થિક સંશોધન જર્નલ સેન્ટ્રલ બેંકિંગ દ્વારા 2023 માટે 'ગવર્નર ઓફ ધ યર' તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

- કોવિડ-19 મહામારી, નોંધપાત્ર નોન–બેંકિંગ કંપનીઓનું પતન અને યુક્રેન પર રશિયાના આક્રમણને કારણે ફુગાવાના દબાણ સહિતના પડકારજનક સમયગાળા દરમિયાન શ્રી શક્તિકાંત દાસના સ્થિર નેતૃત્વને કારણે તેમને આ સન્માન મળ્યું છે.
- આ માન્યતા જટિલ આર્થિક પડકારોના સંચાલનમાં મજબૂત નેતૃત્વની મહત્પૂર્ણ ભૂમિકાને પ્રકાશિત કરે છે.
- RBIમાં શ્રી શક્તિકાંત દાસનું નેતૃત્વ મહામારી દરમિયાન જરૂરી સુધારાઓ, નવીન ચૂકવણી પ્રણાલીઓ અને વૃદ્ધિલક્ષી પગલાંના અમલીકરણમાં મહત્વપૂર્ણ હતું.
- મેક્રો ઈકોનોમિક મેનેજમેન્ટ અને પોલિસી મેકિંગમાં તેમની નિપુણતા ભારતના નાણાકીય બજારોમાં સ્થિરતા હાંસલ કરવામાં અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં મહત્વની છે.
- તેમના નેતૃત્વ હેઠળ RBIએ યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) જેવી નવીન ચૂકવણી પ્રણાલીઓ લાગુ કરી છે, જેણે ભારતીયોના વ્યવહારમાં ક્રાંતિ લાવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'H3N2' શું છે ?

(A) કોવિડ-19ની સારવાર માટેની નોઝ વેક્સિન (B) કેન્સર માટેની વેક્સિન

(C) ઈન્ફ્લ્યુએન્ઝા A સબટાઈપ વાયરસ (D) બ્લેક તાવ માટે જવાબદાર વાયરસ **(C)**

2. H3N2 વાયરસના કારણે કયા વર્ષે ફ્લુ રોગચાળો થયો હતો જેના કારણે વૈશ્વિક સ્તરે લાખો લોકોના મૃત્યુ થયા હતા ?

(A) 1910 (B) 1968 (C) 1993 (D) 1999 **(B)**

3. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ______ ને 'પ્રેસિડેન્ટ કલર' અર્પણ કર્યો હતો.

(A) INS વિશાખાપટ્ટનમ (B) INS દ્રોણાચાર્ય (C) INS પૂણે (D) INS વિક્રાંત **(B)**

4. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ INS દ્રોણાચાર્યને 'પ્રેસિડેન્ટ કલર' અર્પણ કર્યો હતો. તે કયા સ્થળે સ્થિત ભારતીય નૌકાદળની પ્રતિષ્ઠિત 'ગનરી સ્કૂલ' (Gunnery School) છે ?

(A) કોચી, કેરળ (B) પૂણે, મહારાષ્ટ્ર

(C) વાલસુરા, જામનગર (D) ભોપાલ, મધ્યપ્રદેશ **(A)**

5. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય આર્થિક સંશોધન જર્નલ સેન્ટ્રલ બેંકિંગ દ્વારા 2023 માટે 'ગવર્નર ઓફ ધ યર' તરીકે કોને પસંદ કરવામાં આવ્યા છે ?

(A) શ્રી શક્તિકાંત દાસ (B) શ્રી અબ્દુલ રઉફ તાલુદકર

(C) શ્રી યી જિન્ગ (D) શ્રી જેરેમી હંટ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરામાં યોજાયેલ અખિલ ભારતીય ચતુર્વેદ મહા સંમેલનનો પ્રારંભ કરાવ્યો**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરામાં શ્રી મહારુદ્ર હનુમાન સેવા સંસ્થાન અને મહાર્ષિ સાંદિપની રાષ્ટ્રીય વેદ વિદ્યા પ્રતિષ્ઠાનના સહયોગથી યોજાયેલ અખિલ ભારતીય ચતુર્વેદ મહા સંમેલનનો દ્વારકા શારદા પીઠના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજીની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. 21મી સદીમાં સમગ્ર રાષ્ટ્રના ઉત્થાન માટે જનશક્તિ સાથે આધ્યાત્મિક ચેતના જોડી તેને વધુ પ્રજ્જવલિત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વેદ, વેદ વિજ્ઞાન, ધર્મ અને ધાર્મિક સંસ્કૃતિ સાથે યુવાનો જોડાયેલા રહે તે જરૂરી છે.

## ભારત

➤ **ઈન્ડિયા વેન્ચર કેપિટલ રિપોર્ટ 2023**

બેઈન એન્ડ કંપનીનો વાર્ષિક ઈન્ડિયા વેન્ચર કેપિટલ રિપોર્ટ 2023 દર્શાવે છે કે ભારતમાં વેન્ચર કેપિટલ રોકાણ 2022માં 38.5 બિલિયન અમેરિકન ડોલરથી ઘટીને 25.7 બિલિયનની ડીલ વેલ્યુમાં 33%નો ઘટાડો જોવા મળ્યો છે. ડીલ વેલ્યુમાં ઘટાડાનો સૌથી મોટો પ્રભાવ અંતના તબક્કાના સોદામાં જોવા મળ્યો હતો. પાછલા તબક્કાના સોદાઓથી વિપરીત ભારતમાં પ્રારંભિક તબક્કાના સોદાઓ વેગ પકડી રહ્યા છે. તેના પરિણામે ટ્રેડિંગ વોલ્યુમમાં નજીવો વધારો થયો છે. આ અહેવાલ દર્શાવે છે કે રોકાણકારો પ્રારંભિક તબક્કાના સોદામાં બમણો ઘટાડો કરી રહ્યા છે. સતત બીજા વર્ષે ભારતે નવા યુનિકોર્ન બનાવવાના મામલે ચીનને પાછળ છોડી દીધુ છે. આ અહેવાલ સૂચવે છે કે SaaS અને Fintech એ 2022માં ભંડોળમાં વેગ જોવાનું ચાલું રાખ્યું છે.

➤ **ફ્રેન્ચ નેવી સાથે મેરીટાઇમ પાર્ટનરશીપ એક્સરસાઈઝ (MPX)**



ભારતીય નૌકાદળની સ્વદેશી રીતે નિર્મિત ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ, INS સહ્યાદ્રીએ માર્ચ 2023માં અરબી સમુદ્રમાં ફ્રેન્ચ CC નેવી (FN)ના જહાજો સાથે મેરીટાઈમ પાર્ટનરશિપ એક્સરસાઈઝ (MPX)માં ભાગ લીધો હતો. આ કવાયત સમુદ્રમાં ઉત્ક્રાંતિના વિશાળ સ્પેક્ટ્રમની સાક્ષી હતી, જેમાં ક્રોસ–ડેક લેન્ડિંગ, બોર્ડિંગ ડ્રિલ અને સીમેનશિપ ઈવોલ્યુશનનો સમાવેશ થાય છે. આ કવાયતના સુચારુ સંચાલનથી બંને નૌકાદળો વચ્ચે ઉચ્ચ સ્તરની આંતરસંચાલન ક્ષમતા અને સહકારની પુષ્ટિ થઈ છે. INS સહ્યાદ્રીમાં અત્યાધુનિક શસ્ત્રો અને સેન્સર લગાવવામાં આવ્યા છે, જે તેને હવા, સપાટી અને ઉપ–સપાટીના જોખમોને શોધીને તેનો નાશ કરવા સક્ષમ બનાવે છે.

➤ **યુથ ફેસ્ટિવલ ઈન્ડિયા @ 2047**

યુવા બાબતોના મંત્રાલયે ભારતના તમામ જિલ્લાઓમાં 'યુવા ઉત્સવ ઈન્ડિયા @ 2047' નામના કાર્યક્રમનું આયોજન કર્યુ છે. આ ઈવેન્ટ માર્ચથી જૂન 2023 દરમિયાન યોજાશે અને તેના ત્રણ સ્તર હશે. યુવા ઉત્સવ ભારત @2047નું પ્રથમ સ્તર એક દીવસીય જિલ્લા કક્ષાની ઈવેન્ટ હશે. તે 4 થી 31 માર્ચ, 2023 દરમિયાન 150 જિલ્લામાં થશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતમાં યુવા શક્તિની ઉજવણી કરવાનો અને યુવાનોને દેશના વિકાસમાં સક્રિયપણે ભાગ લેવા પ્રોત્સાહિત કરવાનો છે.

➤ **મુખ્યમંત્રી લાડલી બહના યોજના**

તાજેતરમાં મધ્યપ્રદેશની રાજ્ય સરકારે મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે 'મુખ્યમંત્રી લાડલી બહના યોજના, નામની નવી યોજના શરૂ કરી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય મહિલાઓની આર્થિક સ્વતંત્રતા વધારવા, તેમના સ્વાસ્થ્ય અને પોષણની સ્થિતિ સુધારવા અને કુટુંબના નિર્ણયો પર તેમનો પ્રભાવ વધારવાનો છે. મુખ્યમંત્રી લાડલી બહના યોજના હેઠળ 2.5 લાખ રૂપિયા અથવા 5 એકરથી ઓછી જમીન ધરાવતી 23 થી 60 વર્ષની વયજૂથની મહિલાઓને દર મહિને રૂપિયા 1000 મળશે. આ યોજના સમાજના આર્થિક રીતે નબળા વર્ગની મહિલાઓ માટે લક્ષિત છે જેઓ તકો અને સંસાધનોના અભાવના કારણે નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ગીધનું સમકાલિક સર્વેક્ષણ**

ફેબ્રુઆરી 2023માં હાથ ધરવામાં આવેલી પક્ષીઓની પ્રથમ સિંક્રનસ વસતી ગણતરી મુજબ તમિલનાડુ, કર્ણાટક અને કેરળમાં 246 ગીધ છે. કેરળના વન અને વન્યજીવન વિભાગ દ્વારા તમિલનાડુ અને કર્ણાટકની સાથે પશ્ચિમ ઘાટના પસંદગીના વિસ્તારોમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. સ્વયંસેવકો દ્વારા સફેદ પૂંછડીવાળા ગીધ (183), લાંબા–બિલવાળા ગીધ (30), લાલ માથાવાળા ગીધ (28), ઈજિપ્તિયન ગીધ (3), હિમાલયન ગ્રિફોન (1) અને સિનેરીયસ ગીધ (1) જોવામાં આવ્યા છે.

➤ **બુમચુ ફેસ્ટિવલ : સિક્કિમ**

બુમચુ એ તાશિડિંગ મઠમાં ઉજવવામાં આવતી વાર્ષિક પાણીની ફુલદાની ધાર્મિક વિધિ છે, જે સિક્કિમમાં રંગિત નદીની ઉપર એક ટેકરી પરના સૌથી પવિત્ર બૌધ તીર્થસ્થાનોમાંનું એક છે. તિબેટીયન ભાષામાં બુમચુનો અર્થ 'પવિત્ર પાણીનો વાસણ' થાય છે. કળશનું પાણી ભક્તોમાં વહેંચવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે પાણીમાં હીલિંગ ગુણધર્મો છે જે તેને પીનારાઓને સંપત્તિ અને સમૃદ્ધિ આપે છે. આ તહેવાર પ્રથમ ચંદ્ર મહિનાની 14મી અને 15મી તારીખે ઉજવવામાં આવે છે. જે ઘણીવાર ફેબ્રુઆરી અથવા માર્ચમાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **IBA મહિલા વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશિપ 2023**

ભારતના યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી અનુરાગસિંહ ઠાકુરે નવી દિલ્હીમાં 13મી IBA મહિલા વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશિપનું ઉદ્‌ઘાટન કર્યુ હતું, જે બોક્સિંગની દુનિયામાં ખૂબ જ અપેક્ષિત ઈવેન્ટની શરૂઆત દર્શાવે છે. ભારતીય બોક્સિંગ ફેડરેશન દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટ 16 થી 26 માર્ચ દરમિયાન યોજાશે, જેમાં કુલ 2.4 મિલિયન ડોલરની ઈનામી રકમ છે.

➤ **મેઘાલય ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ**

મેઘાલય ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ 14 માર્ચે મેઘાલયની રાજધાની શિલોંગમાં શરૂ થયો હતો. પાંચ દિવસીય આ કાર્યક્રમ મેઘાલય રાજ્યનો પ્રથમ ફેસ્ટિવલ છે. અને તેનું આયોજન સ્ટેટ સેન્ટ્રલ લાઈબ્રેરી ખાતે કરવામાં આવી રહ્યું છે. ફેસ્ટિવલ દરમિયાન ચાર સ્થળોએ 40 જેટલી ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે. આ ઉત્સવમાં દેશભરમાંથી અને અતિથિ દેશોમાંથી 5000થી વધુ મુલાકાતીઓ આવવાની અપેક્ષા છે.

# વિશ્વ

### ➤ ઈન્ફ્રારેડ એસ્ટ્રોનોમી (સોફિયા) માટે સ્ટ્રેટોસ્ફેરિક ઓબ્ઝર્વેટરી

નાસાની સ્ટ્રેટોસ્ફેરિક ઓબ્ઝર્વેટરી ફોર ઈન્ફ્રારેડ એસ્ટ્રોનોમી (સોફિયા) પર ગ્રેટ ઈન્સ્ટ્રુમેન્ટ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટાનો ઉપયોગ કરીને પૃથ્વીના મેસોસ્ફિયર અને નીચલા થર્મોસ્ફિયરમાં પ્રથમ વખત ઓક્સિજન-18 શોધવામાં આવ્યું હતું. આવું પ્રથમ વખત છે જ્યારે લેબોરેટરીની બહાર ભારે ઓક્સિજન મળી આવ્યો છે. સોફિયા દ્વારા શોધાયેલ ઓક્સિજન-18 એ ઓક્સિજનનો સ્થિર આઈસોટોપ છે. તે આઠ પ્રોટોન અને 10 ન્યુટ્રોન ધરાવે છે. O2માં આઠ પ્રોટોન અને આઠ ન્યુટ્રોન છે. આર્કટિક અને એન્ટાર્કટિકમાં ઓક્સિજન-18નો ઉપયોગ આ પ્રદેશોમાં કયા તાપમાને બરફ રચાય છે તે નક્કી કરવા માટે થાય છે. સ્ટ્રેટોસ્ફેરિક ઓબ્ઝેર્વેટરી ફોર ઈન્ફ્રારેડ એસ્ટ્રોનોમી (સોફિયા) એ બોઈંગ 747SP એરક્રાફ્ટ પર માઈન્ટ થયેલ ટેલિસ્કોપ હતું. જેણે બ્રહ્માંડનું નિરીક્ષણ કરવા માટે ઈન્ફ્રારેડ પ્રકાશનો ઉપયોગ કર્યો હતો. સોફિયાનો ઉપયોગ સૌર મંડળમાં જટિલ પરમાણુઓ, નવા સૌરમંડળ અને ગ્રહોનું અવલોકન કરવા માટે થતો હતો. તે નાસા અને GAC (જર્મન એરોસ્પેસ સેન્ટર) દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું હતું.

### ➤ ડિક ફોસ્બરીનું 76 વર્ષની વયે નિધન

તાજેતરમાં શ્રી ડિક ફોસ્બરીનું 76 વર્ષની વયે નિધન થયું છે. તેઓ અમેરિકાના પ્રસિદ્ધ હાઈ જમ્પર હતા. તેમણે પોતાની બિનપરંપરાગત ટેકનિક વડે ઊંચી કુદ અથવા હાઈ જમ્પ રમતને કાયમ માટે બદલી નાખી હતી. તેમણે 1968 મેક્સિકો સિટી ઓલિમ્પિક્સમાં ઊંચી કુદમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેમણે હાઈ જમ્પમાં ક્રાંતિ લાવી હતી જે ફોસ્બરી ફલોપ તરીકે ઓળખાય છે.

### ➤ જાપાની લેખક શ્રી કેન્ઝાબુરો ઓઈનું નિધન

નોબેલ પુરસ્કાર વિજેતા અને જાપાની લેખક શ્રી કેન્ઝાબુરો ઓઈનું 10 માર્ચ 2023ના રોજ 88 વર્ષની વયે નિધન થયું છે. તેમને જાપાની સાહિત્ય યુગમાં સૌથી મહત્વપૂર્ણ અને પ્રભાવશાળી લેખકોમાંના એક તરીકે ગણવામાં આવે છે. તેમની કૃતિઓ વ્યક્તિગત અને રાજકીય ઓળખ, સ્મૃતિ અને આઘાત–દર્દજનક અને યુદ્ધ પછીની માનવીય સ્થિતિની થીમ પર આધારિત છે.

### ➤ પોલેન્ડ યુક્રેનને ફાઈટર એરક્રાફ્ટ આપનારો પ્રથમ નાટો દેશ બન્યો

પોલેન્ડે તાજેતરમાં યુક્રેનને ચાર મિગ-29 ફાઈટર જેટની ડિલિવરીની જાહેરાત કરી હતી, જેનાથી તે આવું કરનાર પ્રથમ NATO દેશ બની ગયો છે. આ પગલું યુક્રેનને યુદ્ધમાં મજબૂત બનાવવામાં મદદ કરશે. પોલેન્ડમાં હાલમાં લગભગ એક ડઝન સોવિયેત–નિર્મિત મિગ-29 છે. સ્લોવાકિયા, ફિનલેન્ડ અને નેધરલેન્ડે કહ્યું છે કે તેઓ યુક્રેનને યુદ્ધ વિમાનો સપ્લાય કરવાનું વિચારશે.

1. તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર અગ્નિવીરોને BSFમાં _____ અનામત મળશે. – 10%
2. કયા દેશે નેશનલ પ્લેટફોર્મ ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન (NPDRR)ના ત્રીજા સત્રનું આયોજન કર્યુ છે ? – ભારત
3. તાજેતરમાં NASAના ક્યુરિયોસિટી રોવરે કયા ગ્રહ પર 'ક્રેપસ્ક્યુલર કિરણો' કેપ્ચર કર્યા છે ? – મંગળ
4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સ્વદેશી દર્શન 2.0 કાર્યક્રમ' કયા મંત્રાલય સાથે સંકળાયેલ છે ? – પ્રવાસન મંત્રાલય
5. કયું મંત્રાલય 'વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2023' ઈવેન્ટનું આયોજન કરવા જઈ રહ્યું છે ? – ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય
6. તાજેતરમાં કઈ સંસ્થાએ 'Landslide Atlas of India' બહાર પાડ્યું છે ? – ISRO
7. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'યુનિક લેન્ડ પાર્સલ આઈડેન્ટિફિકેશન નંબર (ULPIN) એ કેટલા અંકોનો આલ્ફા–ન્યુમેરિક નંબર છે ? – 14
8. AI દ્વારા સંચાલિત વિશ્વના પ્રથમ રેડિયો પ્લેટફોર્મનું નામ શું છે ? – Radio GPT
9. તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે વિવિધ ક્ષેત્રોમાં શહેરના વિકાસને માર્ગદર્શન આપવા માટે '2041 માટે માસ્ટર પ્લાન' જાહેર કર્યો છે ? – નવી દિલ્હી
10. નદીઓ માટે આંતરરાષ્ટ્રીય કાર્ય દિવસ 2023 કયા દિવસે ઉજવવામાં આવ્યો હતો ? – 14 માર્ચ
(નદીઓ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ દર વર્ષે 14 માર્ચે પૃથ્વી પર નદી પ્રણાલીના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે મનાવવામાં આવે છે. આ દિવસ અગાઉ ડેમ સામે નદીઓ, પાણી અને જીવન માટે આંતરરાષ્ટ્રીય કાર્ય દિવસ તરીકે ઓળખાતો હતો.)
11. તાજેતરમાં સરકારે 5 વર્ષ એટલે કે _____ થી _____ સુધીના સમયગાળામાં 'ઓશન સર્વિસિસ, ટેક્નોલોજી, મોનિટરિંગ, રિસોર્સ મોડેલિંગ એન્ડ સાયન્સ' (O-SMART) યોજનાના અમલીકરણ માટે રૂ.2177 કરોડની રકમ ફાળવી છે. – 2021-22 થી 2025-26
12. 'સામાન્ય બૌદ્ધ વારસા પર પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદ'નું યજમાન કયું રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ છે ? – નવી દિલ્હી
13. ભારતમાં 'રાષ્ટ્રીય રસીકરણ દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ? – 16 માર્ચ
14. ફેબ્રુઆરી 2023માં ભારતમાં જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) આધારિત ફુગાવો શું છે ? – 3.85%
15. કયા શહેરમાં MD15 બસો અને M100 (100% મિથેનોલ)ના પ્રોટોટાઈપનું તાજેતરમાં પાયલોટ પરીક્ષણ કરવામાં આવ્યું હતું ? – બેંગ્લોર
16. ભારતીય રિઝર્વ બેંકે 2023 સુધી કેટલા દેશોની બેંકોને રૂપિયામાં વેપાર કરવાની મંજૂરી આપી હતી ? – 18
17. સેમી–હાઈ–સ્પીડ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ચલાવનાર પ્રથમ મહિલા લોકો પાઈલટ કોણ છે ? – સુરેખા યાદવ
18. તાજેતરમાં મલાવી અને મોઝામ્બિકમાં ભારે પવન અને મુશળધાર વરસાદનું કારણ બનેલા ચક્રવાતનું નામ શું છે ? – ફ્રેડી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નકશા નં - 8

## ગુજરાત | ગુજરાતના ધોધ




- સૌથી ઊંચો ધોધ ગીરા છે. જે ડાંગ જિલ્લામાં અંબિકા નદી પર આવેલ છે. જેની ઊંચાઈ 30m છે.
- જમજીરનો ધોધ શિંગવડો નદી પર આવેલ છે.

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT